" બુધવારની સાપ્તાહિક પૂર્તિ "
ઉત્સવ
# સંજોગ ન્યૂઝ
SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year-09 | Issue-209 | AD-2026, Vaishakh Vad -04 | Wednesday, Dt.06-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સમારોહમાં પીએમ નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ, કેન્દ્રીય મંત્રીઓ અને ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ હાજર રહેશે

# પ.બંગાળમાં ભાજપના વિજય બાદ શનિવારે મુખ્યમંત્રીનો શપથવિધી સમારોહ યોજાશે

કોલકાતા,તા.૦૫

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬માં ભારતીય જનતા પાર્ટીએ ૨૦૬ બેઠકો સાથે પ્રચંડ બહુમતી મેળવી ઐતિહાસિક વિજય નોંધાવ્યો છે. રાજ્યમાં પ્રથમવાર ભાજપની સરકાર બનવા જઈ રહી છે, જેના શપથ ગ્રહણ સમારોહની જાહેરાત ૯ મેના રોજ કરવામાં આવી છે. આ ભવ્ય પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિતના દિગ્ગજ નેતાઓ હાજર રહેશે.

૨૯૪ બેઠકો માટે બે તબક્કામાં યોજાયેલી આ ચૂંટણીમાં સરેરાશ ૯૨.૯૩% મતદાન નોંધાયું હતું, જે ભારતીય લોકશાહીમાં એક નવો વિક્રમ છે. જનતાના આ અભૂતપૂર્વ પ્રતિસાદે તૃણમૂલ કોંગ્રેસના શાસનનો અંત આણ્યો છે. મમતા બેનર્જીની પાર્ટી ૨૧૫ બેઠકો પરથી ઘટીને માત્ર ૮૦ બેઠકો પર સમેટાઈ ગઈ છે, જેમાં તેમના મંત્રીમંડળના ૨૨ જેટલા મંત્રીઓ પણ પરાજિત થયા છે.




નંદીગ્રામ અને ભવાનીપુર જેવી મહત્વની બેઠકો પર વિજય મેળવનાર સુવેન્દુ અધિકારી મુખ્યમંત્રી પદના પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. તેમણે આ જીતને ભ્રષ્ટાચાર અને ભત્રીજાવાદ સામે જનતાનો વિજય ગણાવ્યો છે. ભાજપ પ્રદેશ પ્રમુખ સમિક ભટ્ટાચાર્યએ વિદેશથી આવીને મતદાન કરનાર નાગરિકોનો આભાર માનતા જણાવ્યું કે, હવે 'ડબલ એન્જિન' સરકાર દ્વારા બંગાળમાં વિકાસના કાર્યોને નવી ગતિ મળશે. આ ચૂંટણી પરિણામો સ્પષ્ટ કરે છે કે બંગાળની જનતાએ ભયમુક્ત રાજકીય વાતાવરણ અને સુશાસન માટે મતદાન કર્યું છે. ૯ મેના રોજ યોજાનારી સોગંદવિધિ સાથે જ બંગાળના રાજકારણમાં એક નવા અધ્યાયની શરૂઆત થશે, જે સમગ્ર દેશ માટે કુતૂહલનો વિષય છે.















**રક્તદાન કેમ્પ, મેડીકલ કેમ્પ સહિત સામાજિક કાર્યોની સાથે**

# જરખીયા ગામે કાકડીયા પરિવાર દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

**બ્રહ્માણી ખોડીયાર માતાજી અને સુરાપુરા દાદાના નવનિર્મિત મંદિરોમાં દિવ્ય ઉત્સવ સંપન્ન**

અમરેલી,તા.૦૫

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના જરખીયા ગામે કાકડીયા પરિવારના કુળદેવી શ્રી બ્રહ્માણી ખોડીયાર માતાજી તથા સુરાપુરા બેચરબાપા અને જસમતબાપાના નવનિર્મિત મંદિરનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અત્યંત ભક્તિમય વાતાવરણમાં યોજાયો હતો. ગત ૨૯ એપ્રિલથી ૧લી મે સુધી ચાલેલા આ મહોત્સવમાં ૧૦૦ જેટલા નવચંડી હોમાત્મક યજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ





પ્રસંગે વિવિધ ધાર્મિક સ્થળોના સંતો-મહંતો તેમજ પૂર્વ મંત્રી વલ્લભભાઈ કાકડીયા, ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા અને સાંસદ ભરતભાઈ સુતરીયા, જે.વી કાકડીયા,અતુલભાઈ કાનાણી સહિતના અનેક રાજકીય મહાનુભાવોએ ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર આયોજન શેઠ મનુભાઈ ગોબરભાઈ કાકડીયાના માર્ગદર્શન હેઠળ સફળ રહ્યું હતું, જેમાં રક્તદાન કેમ્પ અને ફ્રી મેડિકલ કેમ્પ જેવા સામાજિક કાર્યો પણ કરવામાં આવ્યા હતા. સ્વ. ગોબરભાઈ ખીમાભાઈ કાકડીયા પરિવાર દ્વારા ભોજન સમારંભનું સુંદર આયોજન કરાયું હતું. ભવ્ય શોભાયાત્રા અને ભુવાઓના આશીર્વચન સાથે કાકડીયા પરિવારના હજારો સભ્યોએ આ દિવ્ય પ્રસંગનો લાભ લીધો હતો. આ મહોત્સવને સફળ બનાવવા માટે કાકડીયા પરિવારની યુવા ટીમે છેલ્લા બે મહિનાથી ભારે જહેમત ઉઠાવી રહી હતી.

## અમરેલીની એમ.વી. પટેલ કન્યા વિદ્યાલયની ઝળહળતી સિદ્ધિ

અમરેલી,તા.૦૫

અમરેલીમાં આવેલા પટેલ વિદ્યાર્થી આશ્રમ અમરેલી સંચાલિત એમ.વી. પટેલ કન્યા વિદ્યાલયે ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષામાં ૯૭.૨૨ ટકા જેટલું ઉત્કૃષ્ટ પરિણામ મેળવીને સમગ્ર જિલ્લામાં સંસ્થાનું નામ રોશન કર્યું છે. આ પરિણામમાં શાળાની કુલ



૧૦ દીકરીઓએ ટોપ ટેનમાં સ્થાન મેળવ્યું છે અને ૯૬.૧૧ પી.આર. સાથે ભવ્ય સફળતા પ્રાપ્ત કરી છે. આ ઉપરાંત એ-૨ ગ્રેડમાં ૫ અને બી-૧ ગ્રેડમાં ૧૦ વિદ્યાર્થીનીઓ

**દિલીપભાઈ સંઘાણી અને આચાર્યાએ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા**

ઉત્તીર્ણ થઈ છે. શાળાના આ શાનદાર દેખાવ બદલ સંસ્થાના પ્રમુખ દિલીપભાઈ સંઘાણી અને આચાર્યા અરુણાબેન માલાણીએ તમામ તેજસ્વી વિદ્યાર્થીનીઓને અને શિક્ષકગણને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા છે.

### સંકુલ સ્કૂલ ગૌરવ – ધો. ૧૨ 95 UP PR

| ક્રમ | વિદ્યાર્થીનીનું નામ | વિભાગ | PR | ક્રમ | વિદ્યાર્થીનીનું નામ | વિભાગ | PR |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સોજીત્રા દિયા પી. | ગર્લ્સ - Com. | 99.92 | ૪૯ | માળવીયા મિત્વા એ. | ગર્લ્સ - Com. | 96.62 |
| ૨ | ચોથાણી દ્રષ્ટિ એસ. | ગર્લ્સ - Com. | 99.87 | ૫૦ | પટોળીયા નેન્સી એસ. | ગર્લ્સ - Com. | 96.52 |
| ૩ | સોલંકી પ્રિયા એમ. | ગર્લ્સ - Com. | 99.75 | ૫૧ | ભાયાણી રિંપલ પી. | ગર્લ્સ - Com. | 96.43 |
| ૪ | ખાપરા એશા એસ. | ગર્લ્સ - Com. | 99.75 | ૫૨ | માંડણકા પૃથ્વી કે. | ગર્લ્સ - Com. | 96.33 |
| ૫ | ભાલીયા દિક્ષીતા એચ. | ગર્લ્સ - Com. | 99.72 | ૫૩ | વાજા મિરા આર. | ગર્લ્સ - Com. | 96.11 |
| ૬ | વાનાણી ધારા એ. | ગર્લ્સ - Com. | 99.56 | ૫૪ | સાવલીયા પ્રતિક્ષા એમ. | ગર્લ્સ - Com. | 95.89 |
| ૭ | રામાણી રિધ્ધી એન. | ગર્લ્સ - Com. | 99.45 | ૫૫ | ગઢિયા પ્રિન્સી આર. | ગર્લ્સ - Com. | 95.89 |
| ૮ | રૈયાણી દિયા વી. | ગર્લ્સ - Com. | 99.41 | ૫૬ | ભિલવાળા સાધના બી. | ગર્લ્સ - Com. | 95.78 |
| ૯ | ગજેરા આસ્થા વી. | ગર્લ્સ - Com. | 99.36 | ૫૭ | ગોંડલીયા મોનાલી આર. | ગર્લ્સ - Com. | 95.78 |
| ૧૦ | લાઠીયા આયુષી પી. | ગર્લ્સ - Com. | 99.36 | ૫૮ | લાઠીયા વિશ્વા પી. | ગર્લ્સ - Com. | 95.66 |
| ૧૧ | દેસાઈ ફેની એમ. | ગર્લ્સ - Com. | 99.31 | ૫૯ | ધીયડ પાયલ એસ. | ગર્લ્સ - Com. | 95.66 |
| ૧૨ | તરસરીયા વિનલ આર. | ગર્લ્સ - Com. | 99.31 | ૬૦ | ચૌધરી હેપ્પી બી. | ગર્લ્સ - Com. | 95.66 |
| ૧૩ | મકવાણા આસ્થા એસ. | ગર્લ્સ - Com. | 99.23 | ૬૧ | ધીડ અંજલી એન. | ગર્લ્સ - Com. | 95.54 |
| ૧૪ | વિસાણી પ્રિયાંસી જી. | ગર્લ્સ - Com. | 99.18 | ૬૨ | ગોંડલીયા ધ્રુવી પી. | ગર્લ્સ - Com. | 95.42 |
| ૧૫ | વાડદોરીયા ક્રિનલ એમ. | ગર્લ્સ - Com. | 99.08 | ૬૩ | ચોડવાડીયા ખુશી જી. | ગર્લ્સ - Com. | 95.31 |
| ૧૬ | કોટડીયા ચાર્મિ બી. | ગર્લ્સ - Com. | 98.92 | ૬૪ | ઢોલરીયા રીયલ એમ. | ગર્લ્સ - Com. | 95.18 |
| ૧૭ | હિરપરા વિશ્વા જે. | ગર્લ્સ - Com. | 98.86 | ૬૫ | વણાક ઉમયમા કે. | EM - Com | 99.60 |
| ૧૮ | જાદવ ભક્તિ એ. | ગર્લ્સ - Com. | 98.74 | ૬૬ | પટેલ પ્રીન્સી ડી. | EM - Com | 99.45 |
| ૧૯ | પદમાણી આનંદી એસ. | ગર્લ્સ - Com. | 98.74 | ૬૭ | સાવલીયા તન્વી વી. | EM - Com | 99.41 |
| ૨૦ | વાડદોરીયા આર્મિ એ. | ગર્લ્સ - Com. | 98.67 | ૬૮ | નિર્મળ પ્રાચી વી. | EM - Com | 99.36 |
| ૨૧ | કાથરોટીયા માનસી જી. | ગર્લ્સ - Com. | 98.60 | ૬૯ | બુર્ધા રૂકયા એ. | EM - Com | 99.27 |
| ૨૨ | સોલંકી નેહલ વી. | ગર્લ્સ - Com. | 98.60 | ૭૦ | કાબરીયા જીલ બી. | EM - Com | 99.27 |
| ૨૩ | કુંભાણી તન્વી જી. | ગર્લ્સ - Com. | 98.54 | ૭૧ | શેલડીયા ખુશી બી. | EM - Com | 98.74 |
| ૨૪ | વાઘેલા ક્રિષ્ના વી. | ગર્લ્સ - Com. | 98.47 | ૭૨ | ભારમલ ઈન્સીયા એમ. | EM - Com | 98.60 |
| ૨૫ | પાનસેરીયા મેન્સી એસ. | ગર્લ્સ - Com. | 98.40 | ૭૩ | સીધ્ધપુરા તાશા સી | EM - Com | 98.40 |
| ૨૬ | પાનસુરીયા ઝાંખી એ. | ગર્લ્સ - Com. | 98.33 | ૭૪ | બુર્ધા અમતુલા એમ. | EM - Com | 98.11 |
| ૨૭ | કાપડીયા યશ્વી પી. | ગર્લ્સ - Com. | 98.33 | ૭૫ | પટેલ હિર બી. | EM - Com | 97.90 |
| ૨૮ | પટેલ ચાર્મિ જે. | ગર્લ્સ - Com. | 98.26 | ૭૬ | વસોયા ક્રિયાંશી આર. | EM - Com | 97.80 |
| ૨૯ | પોશિયા ઈશા એ. | ગર્લ્સ - Com. | 98.26 | ૭૭ | રાયથથા વૈષ્ણવી એમ. | EM - Com | 97.72 |
| ૩૦ | મોકાસણા વિકીતા એલ. | ગર્લ્સ - Com. | 98.18 | ૭૮ | મોણપરા ત્રિશા એમ. | EM - Com | 96.43 |
| ૩૧ | સુતરીયા ઝીલ કે. | ગર્લ્સ - Com. | 98.18 | ૭૯ | મેકડા કનીજા એ. | EM - Com | 95.54 |
| ૩૨ | પટેલ અમી એચ. | ગર્લ્સ - Com. | 98.11 | ૮૦ | ઢોકિયા રીધ્ધી ડી. | EM - Com | 95.42 |
| ૩૩ | કચ્છી રેન્સી જે. | ગર્લ્સ - Com. | 98.11 | ૮૧ | ભારી અલ્યાબાનુ એમ. | EM - Com | 95.31 |
| ૩૪ | ધાનાણી ચાર્મિ જે. | ગર્લ્સ - Com. | 97.96 | ૮૨ | ગોહિલ મિતલ એન. | ગર્લ્સ – આર્ટસ | 99.79 |
| ૩૫ | વસાવડા નિયતી વી. | ગર્લ્સ - Com. | 97.96 | ૮૩ | નિમાવત હિર સી. | ગર્લ્સ – આર્ટસ | 99.03 |
| ૩૬ | હપાણી હેત્વી એમ. | ગર્લ્સ - Com. | 97.88 | ૮૪ | ગોસાઈ નેહા પી. | ગર્લ્સ – આર્ટસ | 98.74 |
| ૩૭ | તાવેથીયા બાંસુરી એમ. | ગર્લ્સ - Com. | 97.88 | ૮૫ | ગઢાદ્રા મિરા બી. | ગર્લ્સ – આર્ટસ | 98.18 |
| ૩૮ | ગઢિયા પરી બી. | ગર્લ્સ - Com. | 97.80 | ૮૬ | વાળા વૃંદા જે. | ગર્લ્સ – આર્ટસ | 97.96 |
| ૩૯ | વાઘુકીયા ધ્રુવી કે. | ગર્લ્સ - Com. | 97.18 | ૮૭ | વાજા ધ્રુવિ વી. | ગર્લ્સ – આર્ટસ | 97.09 |
| ૪૦ | સાવલીયા માનસી જી. | ગર્લ્સ - Com. | 97.18 | ૮૮ | જાદવ હિરલ એ. | ગર્લ્સ – આર્ટસ | 95.52 |
| ૪૧ | દેસાઈ શ્રુતી એચ. | ગર્લ્સ - Com. | 97.09 | ૮૯ | રાખોલીયા મિશા એચ. | ગર્લ્સ – આર્ટસ | 96.00 |
| ૪૨ | જેઠવા ઈશા જે. | ગર્લ્સ - Com. | 96.91 | ૯૦ | ઠક્કર દૈત્રી ડી. | ગર્લ્સ – આર્ટસ | 95.31 |
| ૪૩ | સાવલીયા ત્રુવી એ. | ગર્લ્સ - Com. | 96.91 | ૯૧ | ડાભી દ્રષ્ટિ કે. | ગર્લ્સ - Sci. | 97.10 |
| ૪૪ | જાગાણી નિયુષા વી. | ગર્લ્સ - Com. | 96.72 | ૯૨ | કાલેણા હિતીશા સી. | ગર્લ્સ - Sci. | 96.47 |
| ૪૫ | વઘાસીયા દેવાંશી પી. | ગર્લ્સ - Com. | 96.72 | ૯૩ | સદાદીયા ધારા એચ. | ગર્લ્સ - Sci. | 96.43 |
| ૪૬ | નિર્મળ દ્રષ્ટિ પી. | ગર્લ્સ - Com. | 96.72 | ૯૪ | ક્યાડા ખુશી એચ. | ગર્લ્સ - Sci. | 96.56 |
| ૪૭ | વાઘાણી તન્વી વી. | ગર્લ્સ - Com. | 96.72 | ૯૫ | પટેલ મહેક એચ. | EM - Sci. | 95.18 |
| ૪૮ | જોગાણી મેઘા કે. | ગર્લ્સ - Com. | 96.62 | | | | |

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત**
**શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ**
સ્થળઃ- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી

- Ad 039

## કોટડાપીઠા જિલ્લા પંચાયત બેઠક પર ભાજપના વિજયમાં મહેશ ભાયાણીની મહત્વની ભૂમિકા

અમરેલી,તા.૦૫

કોટડાપીઠા જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ આ વખતે મહેશભાઈ ભાયાણીના સ્થાને હિતેશભાઈ કલકાણીને ઉમેદવાર તરીકે પસંદ કર્યા હતા. પક્ષના આદેશને શિરોમાન્ય ગણીને મહેશભાઈએ ઉમેદવારના સાચા સારથી બનીને જીતની



જવાબદારી સ્વીકારી હતી. તેમણે કાર્યકરો સાથે ખભેખભો મિલાવીને અઘરી ગણાતી આ બેઠક પર રાત-દિવસ મહેનત કરી અને અંતે ૨૬૩૫ મતોની જંગી સરસાઈથી ભાજપને વિજય અપાવ્યો હતો. અગાઉ ૨૦૨૧માં જ્યારે આ બેઠક ૫૫૦૦ મતોથી પાછળ હતી, ત્યારે પણ મહેશભાઈએ લડત આપી તાલુકા પંચાયતની છ માંથી ચાર બેઠકો જીતાડી ૨૫ વર્ષ બાદ ભાજપનું શાસન સ્થાપવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમની આ નિષ્ઠા અને વફાદારી જોઈ આજે સમગ્ર વિસ્તારના લોકો અને કાર્યકરો તેમના પર અભિનંદનનો વરસાદ કરી રહ્યા છે.

**બેઠક ઈન્ચાર્જ મહેશભાઈ ભાયાણીની મહેનત રંગ લાવી**

## અમરેલી ગજેરા સંકુલની વિદ્યાર્થિની ધો-૧૨ કોમર્સની પરીક્ષામાં બોર્ડમાં આઠમાં સ્થાને

અમરેલી,તા.૦૫

અમરેલીના જાણીતા શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલની તેજસ્વી વિદ્યાર્થિની સોજીત્રા દિયા પી. એ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ કોમર્સની પરીક્ષામાં પોતાની અસાધારણ પ્રતિભાનો પરિચય આપ્યો છે. દિયાએ આ કઠિન પરીક્ષામાં ૯૯.૯૨ પીઆર (PR) જેવા



માતબર ગુણ પ્રાપ્ત કરીને સમગ્ર બોર્ડના ટોપ-૧૦ વિદ્યાર્થીઓની યાદીમાં ગૌરવપૂર્ણ આઠમો ક્રમ હાંસલ કર્યો છે. તેની આ ભવ્ય સફળતાએ માત્ર ગજેરા સંકુલનું જ નહીં પરંતુ સમગ્ર અમરેલી જિલ્લાનું નામ શિક્ષણ જગતમાં રોશન કર્યું છે. દિયાની આ સિદ્ધિ તેની સખત મહેનત અને સંકુલના ગુણવત્તાયુક્ત શિક્ષણનું પરિણામ છે. આ અભૂતપૂર્વ સફળતા બદલ ગજેરા શૈક્ષણિક સંકુલના મેનેજમેન્ટ દ્વારા દિયાને તેમજ તમામ માર્ગદર્શક સ્ટાફ અને સહાધ્યાયી વિદ્યાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવી ઉજવણી કરવામાં આવી છે.

## રામપુરના રામરોટી આશ્રમે કલાકારોની મુલાકાત

તોરી,તા.૦૫

વડિયા-કુકાવાવ તાલુકાના રામપુર ગામે સંત શિરોમણી આપાગીગાના પવિત્ર જન્મસ્થળ પર ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. તાજેતરમાં આ દિવ્ય સ્થાનના દર્શનાર્થે અને અહીં કાર્યરત રામરોટી આશ્રમની મુલાકાતે ગુજરાતના જાણીતા ભજનીકો અને હાસ્ય કલાકારો પધાર્યા હતા. આ પ્રસંગે હાસ્ય કલાકાર મનસુખભાઈ વસોયા સહિત વિપુલભાઈ પટેલ, ચતુરભાઈ બોરા અને દીપકભાઈ



તસવીર : વિનુભાઈ કોટડીયા

વ્યાસ જેવા નામી કલાકારોએ આશ્રમની મુલાકાત લીધી હતી. તેમની સાથે માવજીભાઈ વાઘાણી, રાજીવભાઈ દવે તથા બાબુભાઈ અને રતિભાઈ ગેવરિયા પણ જોડાયા હતા. તમામ કલાકારોએ આશ્રમ દ્વારા ચાલતી માનવતાવાદી અને સેવાકીય પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી મેળવી આ કાર્યને બિરદાવ્યું હતું. આ ગરિમાપૂર્ણ અવસરે આશ્રમના સંચાલકો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલી સિટી પોલીસે ગુમ થયેલો મોબાઈલ પરત આપ્યો

અમરેલી,તા.૦૫

અમરેલી શહેરમાં “તેરા તુજકો અર્પણ” કાર્યક્રમ અંતર્ગત અમરેલી સિટી પોલીસે ગુમ થયેલો મોબાઈલ ફોન શોધી અરજદારને પરત આપ્યો છે. ભાવનગર રેન્જના આઈજીપી આર.વી. અંસારીના માર્ગદર્શન હેઠળ ગુમ થયેલી મિલકત ઝડપથી શોધી મૂળ માલિકને પરત આપવાના નિર્દેશો આપવામાં આવ્યા




હતા.આ અનુસંધાને જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત તથા ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈના માર્ગદર્શન હેઠળ કામગીરી હાથ ધરાઈ હતી. અરજદાર રસીલાબેન મધુભાઈ રાછડીયા ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ અમરેલીથી જુનાગઢ જતાં વખતે તેમનો VIVO કંપનીનો Y૩૯ મોડેલનો રૂ. ૧૯,૦૦૦નો મોબાઈલ ગુમાવી બેઠા હતા.અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં અરજી નોંધાયા બાદ સર્વેલન્સ ટીમે હ્યુમન સોર્સની મદદથી મોબાઈલ શોધી કાઢ્યો અને અરજદારને પરત કર્યો. આ કામગીરી પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એમ. ઝાલાના નેતૃત્વમાં સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી.

**ધો.૧૦ અને ધો.૧૨ નાપાસ પરીક્ષાર્થીઓ માટે**

ગુજરાત શિક્ષણ બોર્ડ અને સી.બી.એસ.ઈ.બોર્ડમાં ધોરણ-૧૦ અને ૧૨માં નાપાસ થયેલ વિદ્યાર્થીઓ એન.આઈ.ઓ.એસ. બોર્ડની આગામી ઓક્ટોબરમાં લેવાનાર પરીક્ષામાં બેસવા માટે માર્ગદર્શન માટે રૂબરૂ સંપર્ક કરો.

**બંસીધર એજયુ. ટ્રસ્ટ**
દોલતપરા- જૂનાગઢ
મો.૯૦૫૪૨ ૩૦૧૩૨, ૯૮૨૫૨ ૩૦૧૩૨

**શ્રી બંસીધર વિદ્યાલય**
જલારામ નગર-૨, હનુમાનપરા રોડ,
અમરેલી, મો. ૯૪૨૬૯૯૯૯૦૩

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
**કારકેર સેન્ટર**
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



**યમુના જ્વેલર્સ**
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

**અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.**

સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

## આવેશમાં આવી જઈ પતિએ ત્રિકમના ઘા ઝીંકી દીધા

# બગસરામાં રસોઈ બનાવવા બાબતે પતિએ કરી પત્નીની નિર્મમ હત્યા

બગસરા,તા.૦૫

બગસરામાં માર્કેટીંગ યાર્ડ પાછળ રહેતા દંપતીને રસોઈ બનાવવા બાબતે માથાકૂટ થતા પતિએ આવેશમાં આવી પત્નીની નિર્મમ હત્યા કરી નાખતા ચકચાર મચી જવા પામી છે. જાણવા મળતી માહિતી મુજબ બગસરાના માર્કેટીંગ યાર્ડ પાછળ રહેતા વિજય અમરસિંહ પરમારને પોતાની પત્ની વિલાસબેન સાથે રસોઈ બનાવવા બાબતે



ઝઘડો થયો હતો.આરોપી પતિ વિજયને પીવાની ટેવ હોય ત્યારે છાશવારે ઝઘડો કરતો હતો, આ ઝઘડાએ વરવુ સ્વરૂપ ધારણ કરતા રસોઈની માથાકૂટમાં આરોપી પતિ વિજયે ઘરમાં પડેલ ત્રિકમના ચારથી પાંચ ઘા પત્ની વિલાસને મારી દીધા હતા. જેથી પત્ની ત્યાં જ તરફડીને મૃત્યુ પામી હતી. આ ઘટના બાદ આસપાસના લોકોએ તાત્કાલિક ૧૦૮ને જાણ કરી હતી જો કે ફરજ પરના ડોકટરોએ વિલાસબેનને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસ પણ સ્થળ પર આવી પહોંચી હતી. જો કે આરોપી પતિ ચિક્કાર દારૂના નશામાં હોય તેની સ્થળ પર જ અટકાયત કરી લેવામાં આવી છે. આમ, રસોઈ બનાવવા જેવી સામાન્ય બાબતે પતિએ પત્નીની હત્યા કરી નાખતા સમગ્ર શહેરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

### આરોપીને રોજ પીવાની ટેવ હોવાનું સામે આવ્યું

બગસરા માર્કેટીંગ યાર્ડની પાછળ રહેતા વિજય અમરસી પરમારને છેલ્લાં ઘણા વર્ષોથી પીવાની ટેવ છે. ભુતકાળમાં પણ આરોપીએ અનેક લોકો સાથે મારામારી કરી હોવાના બનાવ ચોપડે નોંધાયા છે. થોડા દિવસો પહેલા પણ આરોપી વિજય ચિક્કાર દારૂ પી નગ્ન અવસ્થામાં રસ્તા પર સુતો હોવાનુ લોકોમાં ચર્ચાઈ રહ્યું છે

# લીલીયા ભાજપ દ્વારા ફટાકડા અને ઝાલમુરી સાથે ઉજવણી

લીલીયા, તા. ૦૬



પશ્ચિમ બંગાળ, આસામ અને પોંડીચેરીમાં ભારતીય જનતા પાર્ટીના શાનદાર વિજયને પગલે લીલીયા મોટાના સરદાર ચોક ખાતે ભવ્ય વિજય સરઘસ અને ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજની આગેવાનીમાં એકઠા થયેલા કાર્યકરોએ ભારે આતશબાજી કરી વાતાવરણને ગજવી મૂક્યું હતું. આ ઉજવણીમાં ખાસ આકર્ષણ પશ્ચિમ બંગાળના વિજયના પ્રતીક રૂપે વહેંચવામાં આવેલી 'ઝાલમુરી' રહી હતી, જેની સાથે કાર્યકરોએ એકબીજાનું મોઢું મીઠું કરાવી ખુશી વ્યક્ત કરી હતી. જીગ્નેશ સાવજે આ જીતને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિકાસની રાજનીતિ પર જનતાનો અતૂટ વિશ્વાસ ગણાવ્યો હતો. આ પ્રસંગે ગૌતમભાઈ વિછીયા, જીગ્નેશ જિંજુવાડિયા અને ભીખાભાઈ ધોરાજીયા સહિતના અનેક આગેવાનો અને કાર્યકરોએ મોટી સંખ્યામાં હાજર રહી પક્ષના વિજયના નારા લગાવ્યા હતા.

# અમરેલીમાં ૯૦૦૦ લીટર ભેળસેળયુક્ત ઈંધણ ઝડપાતા પ્રોપરાઈટર સામે કાર્યવાહી

અમરેલી, તા. ૦૫

અમરેલીના કુકાવાવ રોડ પર ખોડીયાર મંદિર પાસે કાર્યરત 'મોગલ કૃપા એન્ટરપ્રાઈઝ' નામની પેઢીમાં તંત્ર દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન પેઢીના પ્રોપરાઈટર પ્રતાપભાઈ મનુભાઈ જેબલિયા દ્વારા આચરવામાં આવતી ગંભીર ગેરરીતિઓ ઝડપી પાડવામાં આવી હતી.અમરેલી શહેર મામલતદારે પ્રતાપભાઈ જેબલિયા સામે ફરિયાદ નોંધાવી હતી. તપાસ દરમિયાન કોઈપણ પ્રકારના લાયસન્સ કે પરવાનગી વગર સંગ્રહ કરાયેલ ૯,૦૦૦ લીટર પેટ્રોલિયમ પ્રવાહીનો જથ્થો મળી આવ્યો હતો. બાયોડીઝલના નામે વેચવામાં આવતા આ ભેળસેળયુક્ત જથ્થાની અંદાજિત કિંમત રૂ. ૭,૮૭,૫૦૦/- આંકી તેને સીઝ કરવામાં આવ્યો છે.

## ૩૫ વિદ્યાર્થિનીઓએ એ-૧ ગ્રેડ મેળવ્યો, ૨૩ વિદ્યાર્થિનીઓ ૯૯થી વધુ પીઆર મેળવ્યા

# શાંતાબેન હરીભાઈ ગજેરા સંકુલની વિદ્યાર્થીનીઓનો ધો. ૧૨માં સુંદર દેખાવ

અમરેલી,તા.૦૫

અમરેલીમાં આવેલી શાંતાબેન હરીભાઈ ગજેરા સંકુલની વિદ્યાર્થીનીઓએ ધોરણ-૧૨ના પરિણામમાં મેદાન મારીને સમગ્ર જિલ્લાનું નામ રોશન કર્યું છે. આ વર્ષના પરિણામમાં સંકુલની શૈક્ષણિક ગુણવત્તાનો પરચો જોવા મળ્યો છે, કારણ કે કુલ ૩૫ જેટલી તેજસ્વી વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી એ-૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. આટલું જ નહીં પણ ૨૩ જેટલી દીકરીઓએ ૯૯ થી વધુ પર્સન્ટાઈલ રેન્ક મેળવીને પોતાની શાળા પરિવારનું નામ રોશન કર્યુ છે. વિદ્યાર્થીનીઓની આ અસાધારણ સફળતા પાછળ તેમની મહેનત અને સંકુલના શિક્ષકોના સચોટ માર્ગદર્શનને કારણે આ પરિણામ શક્ય બન્યુ છે. આ વિશિષ્ટ સિદ્ધિ બદલ શાળા પરિવાર અને ટ્રસ્ટી મંડળ દ્વારા તમામ દીકરીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે અનેક શુભેચ્છાઓ વર્ષાવી છે.



## શાળા પરિવારે વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા


### સંકુલ સ્કૂલ ગૌરવ – ધો. ૧૨ A1 ગ્રેડ

| ક્રમ | વિદ્યાર્થીનીનું નામ | વિભાગ | ગ્રેડ | ક્રમ | વિદ્યાર્થીનીનું નામ | વિભાગ | ગ્રેડ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સોજીત્રા દિયા પી. | ગર્લ્સ - Com. | A1 | ૧૯ | પદમાણી આનંદી એસ. | ગર્લ્સ - Com. | A1 |
| ૨ | ચોથાણી દ્રષ્ટિ એસ. | ગર્લ્સ - Com. | A1 | ૨૦ | વાડદોરીયા આર્મિ એ. | ગર્લ્સ - Com. | A1 |
| ૩ | સોલંકી પ્રિયા એમ. | ગર્લ્સ - Com. | A1 | ૨૧ | કાથરોટીયા માનસી જી. | ગર્લ્સ - Com. | A1 |
| ૪ | ખાપરા એશા એસ. | ગર્લ્સ - Com. | A1 | ૨૨ | સોલંકી નેહલ વી. | ગર્લ્સ - Com. | A1 |
| ૫ | ભાલીયા દિક્ષીતા એચ. | ગર્લ્સ - Com. | A1 | ૨૩ | કુંભાણી તન્વી જી. | ગર્લ્સ - Com. | A1 |
| ૬ | વાનાણી ધારા એ. | ગર્લ્સ - Com. | A1 | ૨૪ | વાઘેલા ક્રિષ્ના વી. | ગર્લ્સ - Com. | A1 |
| ૭ | રામાણી રિધ્ધી એન. | ગર્લ્સ - Com. | A1 | ૨૫ | વણાક ઉમયમા કે. | EM - Com | A1 |
| ૮ | રૈયાણી દિયા વી. | ગર્લ્સ - Com. | A1 | ૨૬ | પટેલ પ્રીન્સી ડી. | EM - Com | A1 |
| ૯ | ગજેરા આસ્થા વી. | ગર્લ્સ - Com. | A1 | ૨૭ | સાવલીયા તન્વી વી. | EM - Com | A1 |
| ૧૦ | લાઠીયા આયુષી પી. | ગર્લ્સ - Com. | A1 | ૨૮ | નિર્મળ પ્રાચી વી. | EM - Com | A1 |
| ૧૧ | દેસાઈ ફેની એમ. | ગર્લ્સ - Com. | A1 | ૨૯ | બુર્ધા રૂકયા એ. | EM - Com | A1 |
| ૧૨ | તરસરીયા વિનલ આર. | ગર્લ્સ - Com. | A1 | ૩૦ | કાબરીયા જીલ બી. | EM - Com | A1 |
| ૧૩ | મકવાણા આસ્થા એસ. | ગર્લ્સ - Com. | A1 | ૩૧ | શેલડીયા ખુશી બી. | EM - Com | A1 |
| ૧૪ | વિસાણી પ્રિયાંસી જી. | ગર્લ્સ - Com. | A1 | ૩૨ | ભારમલ ઈન્સીયા એમ. | EM - Com | A1 |
| ૧૫ | વાડદોરીયા ક્રિનલ એમ. | ગર્લ્સ - Com. | A1 | ૩૩ | ગોહિલ મિતલ એન. | ગર્લ્સ - આર્ટસ | A1 |
| ૧૬ | કોટડીયા ચાર્મિ બી. | ગર્લ્સ - Com. | A1 | ૩૪ | નિમાવત હિર સી. | ગર્લ્સ - આર્ટસ | A1 |
| ૧૭ | હિરપરા વિશ્વા જે. | ગર્લ્સ - Com. | A1 | ૩૫ | ગોસાઈ નેહા પી. | ગર્લ્સ - આર્ટસ | A1 |
| ૧૮ | જાદવ ભક્તિ એ. | ગર્લ્સ - Com. | A1 | | | | |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી
-Ad038


# રાજય સરકાર દ્વારા ખેડૂતો માટે 'તાર ફેન્સિંગ સહાય યોજના' હેઠળ માર્ગદર્શિકા

અમરેલી,તા.૦૫

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના પાક રક્ષણ માટે અમલી 'તાર ફેન્સિંગ સહાય યોજના' હેઠળ જિલ્લાના ખેડૂતો માટે એક મહત્વની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત જે ખેડૂતોએ તારીખ ૨૭.૦૩.૨૦૨૬ થી ૨૬.૦૪.૨૦૨૬ દરમિયાન આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજીઓ કરી છે, તેમણે પોતાના સાધનિક પુરાવાઓ રજૂ કરવા માટે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદી મુજબ, અરજદારોએ ઓનલાઈન અરજી કર્યા બાદ ૧૦ દિવસની મર્યાદામાં જરૂરી કાગળો જમા કરાવવાના હોય છે. ખેડૂતોને જિલ્લા કચેરી સુધી લાંબા ન થવું પડે અને અગવડતા ન પડે તે માટે સરકારે આ પ્રક્રિયા તાલુકા કક્ષાએ જ પૂર્ણ કરવાની છૂટ આપી છે. તમામ અરજદારોએ ૦૭ મે, ૨૦૨૬ સુધીમાં પોતાના દસ્તાવેજો સંબંધિત તાલુકાની ખેતીવાડી શાખામાં વિસ્તરણ અધિકારી (ખેતી) અથવા ગ્રામસેવક પાસે ચકાસણી કરાવીને જમા કરાવવાના રહેશે. જરૂરી દસ્તાવેજોની યાદી: સહી કરેલી ઓનલાઈન અરજીની પ્રિન્ટ, ૭/૧૨, ૮-અ અથવા વન અધિકાર પત્રની નકલ, સંયુક્ત ખાતેદારના કિસ્સામાં સંમતિ દર્શાવતું બાંહેધરી પત્રક, બેંક પાસબુકની નકલ (IFSC કોડ સ્પષ્ટ હોય તેવી), આધાર કાર્ડની નકલ,DLR કચેરી દ્વારા પ્રમાણિત ડીમાર્કેશન નકશો (ફરજિયાત).


## ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર

Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા

ભાઈઓ માટે Rs.1399/-માં પ્રીમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રીમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રીમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601



### :: જાહેર નોટીસ ::

અમો ચંદ્રેશકુમાર ડી. રાઠોડ (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

| ગામનું નામ | ખાતા નંબર | રેવન્યુ સર્વે નંબર | હે.આરે.ચો.મી. | આકાર રૂા. | ખાતેદારનું નામ |
|---|---|---|---|---|---|
| મોજે.-લુણીધાર તા.વડીયા/કુંકાવાવ જિ.અમરેલી | ૧૦૫૧ | ૧૩ પૈકી ૨ | ૧-૮૨-૧૧ | ૮.૦૦ | દિલીપભાઈ ખોડાભાઈ પરસાણા |

ઉપરોકત કોલમ વાળી ખેતીની જમીન મારા સ્વતંત્ર નામે અને સ્વતંત્ર કબજામાં આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રી સેજલબેન કલ્પેશભાઈ કોરાટ, રહે.રાજકોટ એ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા બેંક, કંપની પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સ નો કોઈપણ પ્રકારનો હકક, હિત હિસ્સો,સબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જે મ કે ઉપજ-નીપજ, / ખેતી / ગણોત, લીઝ લાયસન્સ/ કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો - તકરારની જાણ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૭ (સાત) માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ-ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈ, પણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

તારીખ:-૩૦/૦૪/૨૦૨૬ ને ગુરૂવાર
સ્થળ:- કુંકાવાવ મોટી
અરજદારની સુચનાસુર

ચંદ્રેશકુમાર ડી. રાઠોડ
(એડવોકેટ એન્ડ નોટરી)
તે અમારા અસલની સુચનાથી

મુ.અમરેલી
દ્વારકેશ એન્ટર પ્રાઈઝ, કલેકટર ઓફીસની પાછળ,
મુ.અમરેલી, તા./જી.અમરેલી
મો.૯૪૦૮૦ ૨૫૪૭૬



### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૭૩/૨૦૨૬

અરજદાર : શ્રી બાંભણીયા સોમબાઈબેન ઉકાભાઈ
સરનામુ : મું.ટીંબી, તા.જાફરાબાદ, જિ.અમરેલી મો.

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી - ટીંબી મું.ટીંબી, તા.જાફરાબાદ જિ.અમરેલી

#### -:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના** ટીંબી ગામના **શ્રી બાંભણીયા સોમબાઈબેન ઉકાભાઈ** એ તેમની **પુત્રી નામે સવિતાબેન ઉકાભાઈ બાંભણીયા નો જન્મ** તા.૦૪/૦૮/૧૯૬૯ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એ.બી.શિયાળ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૧૩ માર્ચ સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૩/૦૩/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ



અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



શું તમને સાંભળવાની તકલીફ છે ?
- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે

સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય ફ્રિ
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363



સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : Rs. 2500/-
ઓજસ કલાસીસ - અમરેલી
દિપક ભટ્ટ - મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧



BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



राष्ट्रीय मुक्त विद्यालयी शिक्षा संस्थान
National Institute of Open Schooling
100 % પાસ માન્ય સંસ્થા
LAKSHYA
ધો.10 અને 12 નાપાસ વિદ્યાર્થી ને
પાસ થવા એક તક
NIOS બોર્ડ માં પરિક્ષા આપી
ઉજ્વળ ભવિષ્ય બનાવો અને
10 ને 12 પાસ કરી
SI,ANM, GNM, BSC અને D PHARMA માં એડમિશન મેળવો
એડમિશન માટે
LAKSHYA EDUCATION
7043819956
બીજો માળ ટાઉન હોલ શોપિંગ સેન્ટર ભીડભંજન મંદિર સામે અમરેલી



### //એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//

અપીલ અરજી. નં.૪૪/૨૦૨૬

અરજદાર :- શ્રી માધડ ડાયબેન ગોવિંદભાઈ, રહે.બિપિન સ્મૃતિ, બહારપરા, સરમાળીયા ચોક, અમરેલી, તા.જિ.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી, મું.અમરેલી, તા/જી. અમરેલી

#### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં માધડ ડાયબેન ગોવિંદભાઈ તેમના પોતાની જન્મ (તા.૧૮/૦૨/૧૯૪૪)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-જન્મ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૪/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(કે.કે.દવે)
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર

**તંત્રી લેખ**

# કોંગ્રેસ માટે હવે આત્મ મંથનનો સમય

ભારતીય રાજકારણમાં કોંગ્રેસ એક ઐતિહાસિક અને પ્રભાવશાળી પાર્ટી રહી છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં મળતી સતત હારોએ પાર્ટીની કાર્યપદ્ધતિ, નેતૃત્વ અને રણનીતિ અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. હાર માત્ર ચૂંટણીનું પરિણામ નથી; તે એક સંકેત છે સંસ્થાગત ખામીઓ, પ્રચારની ઊણપ અને મતદારો સાથે તૂટેલા સંબંધનો. તાજેતરના મંથન બાદ પાર્ટીએ જે નિર્ણયો લીધા છે, તે જો યોગ્ય રીતે અમલમાં મુકાય, તો કોંગ્રેસ માટે ફરીથી ઊભરવાની શક્યતા ઊભી થઈ શકે છે. સૌપ્રથમ અને મૂળભૂત સમસ્યા સંગઠનની નબળાઈ છે. કોંગ્રેસ એક સમયે ગામડાં સુધી મજબૂત પકડ ધરાવતી પાર્ટી હતી, પરંતુ હવે તેનો પાયો ધીમે ધીમે કમજોર બન્યો છે. કાર્યકર્તાઓમાં ઉત્સાહની કમી, સ્થાનિક સ્તરે નેતૃત્વનો અભાવ અને આંતરિક ગોઠવણો વચ્ચેના વિવાદો પાર્ટીને અંદરથી ખોખલી બનાવી રહ્યા છે. અનેક જગ્યાએ ઉમેદવાર પસંદગીમાં યોગ્ય માપદંડો અપનાવવામાં આવ્યા નથી, જેના કારણે કાર્યકર્તાઓમાં અસંતોષ ફેલાયો છે. હવે કોંગ્રેસે આ સ્થિતિ સ્વીકારીને જિલ્લા અને તાલુકા સ્તરે સંગઠન મજબૂત બનાવવાનો નિર્ણય લીધો છે, જે યોગ્ય દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. બીજું મહત્વનું કારણ મતવિભાગ અને ગઠબંધનની ખામી છે. ઘણા રાજ્યોમાં કોંગ્રેસે સાથી પક્ષો સાથે ગઠબંધન તો બનાવ્યું, પરંતુ સીટ વહેંચણીમાં સ્પષ્ટતા અને યોગ્ય સમજૂતીના અભાવે મતદારોમાં ગૂંચવણ ઊભી થઈ. પરિણામે મત વિખેરાઈ ગયા અને વિરોધી પક્ષોને તેનો સીધો લાભ મળ્યો. આ ભૂલમાંથી પાઠ લઈને હવે કોંગ્રેસે ''જીતવાની ક્ષમતા ધરાવતી બેઠક'' પર જ ભાર મૂકવાનો અને ગઠબંધનમાં પારદર્શિતા જાળવવાનો નિર્ણય કર્યો છે. જો આ નીતિ ઈમાનદારીથી અમલમાં મુકાય, તો તે પાર્ટીને ભવિષ્યમાં ફાયદો આપી શકે છે. ત્રીજું અને આજના યુગમાં સૌથી મહત્વપૂર્ણ પાસું છે પ્રચાર અને સંદેશાવ્યવહાર. અન્ય રાજકીય પક્ષોએ સોશિયલ મીડિયા અને ટેક્નોલોજીનો અસરકારક ઉપયોગ કરીને મતદારો સુધી પોતાની વાત પહોંચાડી છે, જ્યારે કોંગ્રેસ ઘણીવાર પરંપરાગત સભાઓ સુધી જ સીમિત રહી છે. આજના યુવાનો અને પ્રથમવાર મત આપનારા વર્ગને અસર કરવા માટે ડિજિટલ પ્લેટફોર્મ પર મજબૂત હાજરી જરૂરી છે. કોંગ્રેસે હવે લાંબા ગાળાની પ્રચાર રણનીતિ અને ડેટા આધારિત અભિગમ અપનાવવાનો નિર્ણય કર્યો છે, જે સમયની માંગ છે. મતદારોના વર્તનમાં પણ મોટો ફેરફાર આવ્યો છે. હવે મતદારો જાતિ કે પરંપરાગત વફાદારી કરતાં વિકાસ, રોજગાર અને સ્પષ્ટ નેતૃત્વને વધુ મહત્વ આપે છે. કોંગ્રેસ ઘણીવાર આ બદલાવને સમજવામાં પાછળ રહી ગઈ છે. ખાસ કરીને યુવા, ગ્રામિણ અને આર્થિક રીતે નબળા વર્ગ માટે સ્પષ્ટ અને વિશ્વસનીય એજન્ડા રજૂ કરવામાં પાર્ટી નિષ્ફળ ગઈ છે. હવે પાર્ટી દ્વારા આ વર્ગોને કેન્દ્રમાં રાખીને નવી નીતિઓ ઘડવાનો પ્રયાસ થઈ રહ્યો છે, જે આવકારદાયક છે. આંતરિક મંથન અને જવાબદારી નક્કી કરવાની પ્રક્રિયા પણ કોંગ્રેસ માટે અગત્યની છે. ઘણીવાર હાર પછી કોઈ ચોક્કસ જવાબદારી નક્કી થતી નથી, જેના કારણે ભૂલો પુનરાવર્તિત થાય છે. હવે પાંચ દિવસીય મંથન અને ''કોણ જવાબદાર'' તે સ્પષ્ટ કરવાની વાત કરવામાં આવી છે, જે સંસ્થાગત પારદર્શિતા તરફ એક સકારાત્મક પગલું છે. જો આ પ્રક્રિયા નિષ્પક્ષ રીતે અમલમાં મુકાય, તો પાર્ટીમાં વિશ્વાસ પુનઃસ્થાપિત થઈ શકે છે. પરંતુ મુખ્ય પ્રશ્ન અમલનો છે. માત્ર નિર્ણયો લેવાથી કંઈ બદલાતું નથી; તેના માટે સતત મહેનત, શિસ્ત અને દૃઢ ઈચ્છાશક્તિ જરૂરી છે. નવા નેતૃત્વને આગળ લાવવું, જૂના નેતાઓ સાથે સંતુલન જાળવવું અને કાર્યકર્તાઓમાં ફરી ઉત્સાહ જગાવવો આ બધું પડકારજનક છે, પરંતુ અશક્ય નથી. અંતમાં કહી શકાય કે કોંગ્રેસ માટે આ સમય સંકટનો નહીં, પરંતુ અવસરનો છે. હાર એક અંત નથી; તે સુધારાની શરૂઆત છે. જો પાર્ટી સાચા અર્થમાં આત્મચિંતન કરીને આધુનિક રાજનીતિના માપદંડોને અપનાવે અને લોકોનો વિશ્વાસ ફરી જીતવા પ્રયત્ન કરે, તો તેની પુનઃપ્રતિષ્ઠા શક્ય છે. પરંતુ તે માટે શબ્દોથી વધુ કાર્ય જરૂરી છે કારણ કે અંતે મતદારો કામને જ મત આપે છે.

# બંગાળ, આસામ અને પોંડીચેરીમાં ભાજપની જીત થતા અમરેલીમાં કરાઈ ભવ્ય ઉજવણી

અમરેલી, તા. ૦૫




પશ્ચિમ બંગાળ, આસામ અને પોંડીચેરી વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના શાનદાર દેખાવને વધાવવા માટે અમરેલી જિલ્લા ભાજપ દ્વારા ભવ્ય વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો. અમરેલી ખાતે એકત્રિત થયેલા કાર્યકરોએ ફટાકડા ફોડી અને આતશબાજી કરીને વાતાવરણને ઉત્સાહમય બનાવી દીધું હતું. આ પ્રસંગે એક વિશેષ આકર્ષણ તરીકે શીતલ આઈસ્ક્રીમ તરફથી પશ્ચિમ બંગાળની પ્રખ્યાત વાનગી 'ઝાલમૂરી' પીરસવામાં આવી હતી, જેના દ્વારા કાર્યકરોએ બંગાળના વિજયનો આનંદ વ્યક્ત કર્યો હતો. જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં મયુરભાઈ માંજરીયા, રાજુભાઈ ભૂતૈયા, વિજય ચોટલીયા અને ચેતન ધાનાણી સહિતના અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. વિજયના નારા અને હર્ષોલ્લાસ વચ્ચે મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટીએ જણાવ્યું હતું કે મોદી અને શાહના નેતૃત્વમાં મળેલી આ જીતથી કાર્યકરોમાં નવો આત્મવિશ્વાસ પ્રગટ્યો છે. આ વિજય સરઘસમાં નગરપાલિકા અને જિલ્લા પંચાયતના સદસ્યો, સંઘ અને ભાજપના પાયાના કાર્યકરોએ સંગઠન શક્તિનું પ્રદર્શન કર્યું હતું.

# અમરેલીના ચાડિયા ગામે દીવાલ ચણવાની ના પાડી હુમલો કર્યો

અમરેલી, તા. ૦૫

અમરેલીના ચાડિયા ગામે રહેતા રમેશભાઈ બાવચંદભાઈ બાજરીયા (ઉં.વ.૪૨)એ દક્ષાબેન વિઠ્ઠલભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ પોતાની ભાઈભાગમાં આવતી જમીનમાં ચણતર કામ કરી રહ્યા હતા, જે સામેના પક્ષને ગમ્યું નહોતું. આ બાબતે અગાઉ પણ બંને પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી, જે અંગે તેમણે પોલીસ સ્ટેશનમાં અરજી પણ આપી હતી. આ પોલીસ અરજીનું મનદુઃખ રાખીને સામેવાળાએ ફરી વિવાદ કર્યો હતો.

સામે પક્ષે તેમને દીવાલ ચણવાની ના પાડી ગાળાગાળી શરૂ કરી હતી. મામલો બિચકતા પ્લાસ્ટિકના ધોકા વડે રમેશભાઈના વાંસાના ભાગે હુમલો કરી મૂઢ ઈજાઓ પહોંચાડી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. જે. ગોંડલિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં વિદેશી દારૂની ૬૦ બોટલ સાથે શખ્સ ઝડપાયો

**બગસરામાં કેફી પીણુ પી જાહેરમાં બકવાસ કરનાર ઝડપાયો**

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલા શહેરમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે પોલીસે બાતમીના આધારે નેસડી રોડ પર આવેલા એક રહેણાંક મકાનમાં દરોડો પાડી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. વિમલભાઈ કાળુભાઈ આંબલીયા (ઉ.વ.૩૦)એ પોતાના રહેણાંક મકાનમાં દારૂનો આ જથ્થો છુપાવ્યો હતો. પોલીસની તપાસ દરમિયાન મકાનમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની નાની-મોટી કાચની બોટલ તેમજ પ્લાસ્ટિકના ચપટા (ક્વાર્ટર) મળી કુલ ૬૦ નંગ બોટલો મળી આવી હતી. પોલીસે રૂ.૮,૧૪૦નો પ્રોહિબીશન મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી.

બગસરામાંથી એક યુવક કેફી પીણું પીને જાહેરમાં બિભત્સ બકવાસ કરતો પકડાયો હતો. આ સિવાય ચાર ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# જાફરાબાદમાં 'ડેલ્ટા મરીન પ્રોડક્ટ'ના નામે નકલી બિલ બનાવી ઠગાઈ કરવાનું કાવતરું

જાફરાબાદ, તા. ૦૫

જાફરાબાદ પંથકમાં વેપારીના નામે નકલી દસ્તાવેજો ઊભા કરી નાણાં પડાવવાના ઈરાદે રચાયેલા ગુનાહિત કાવતરાનો પર્દાફાશ થયો છે. આ કેસમાં આરોપીઓએ ફરિયાદીની ફેક્ટરીના નામે બનાવટી બિલ બનાવી છેતરપિંડીનો પ્રયાસ કર્યો હોવાની વિગતો સામે આવી છે.પરશોત્તમભાઈ કાનાભાઈ વંશે શોયબ ઉર્ફે બબલુ સલીમ કુંડલીયા તથા જુમ્માભાઈ મુસાભાઈ અંગારીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, આરોપીઓએ ફરિયાદીની 'ડેલ્ટા મરીન પ્રોડક્ટ' નામની ફેક્ટરીના અસલ બિલ જેવા જ દેખાતા નકલી બિલ તૈયાર કર્યા હતા. આ બનાવટી બિલોને અસલ તરીકે ઉપયોગમાં લઈ આરોપીઓનો હેતુ ફરિયાદી પાસેથી નાણાં પડાવવાનો હતો. આરોપીઓએ 'ડેલ્ટા મરીન પ્રોડક્ટ'ના નામનો દુરુપયોગ કરી વિશ્વાસઘાત અને ઠગાઈ કરવાનું પૂર્વયોજિત કાવતરું રચ્યું હતું. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સાવરકુંડલામાં પૂર્વ ડ્રાઈવરે માલિકના ઘરે તોડફોડ કરી બેફામ ગાળો ભાંડી

**જાનથી મારી નાખવાની ધમકી આપી**

સાવરકુંડલા, તા. ૦૫

સાવરકુંડલામાં એક ઈકો ગાડીના માલિક અને તેમના પૂર્વ ડ્રાઈવર વચ્ચે ભાડાના રૂપિયા મામલે થયેલી તકરારે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. આરોપીએ માલિકના ઘરે જઈ મિલકતને નુકસાન પહોંચાડી શારીરિક હુમલો કરતા ચકચાર મચી ગઈ હતી. આ અંગે કમળાબેન વાલજીભાઈ હેલૈયા (ઉ.વ. ૫૬)એ જીતુભાઈ નાનજીભાઈ બગડા સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપી અગાઉ તેમની ઈકો ગાડી ડ્રાઈવર તરીકે ચલાવતો હતો. ગાડી ભાડે લઈ ગયા બાદ તે ભાડાના પૂરા રૂપિયા માલિકને આપતો નહોતો. જ્યારે માલિકે આ બાબતે પૂછપરછ કરી, ત્યારે આરોપીએ ઉદ્ધત વર્તન કરતા કહ્યું હતું કે, "તારી પાસે નોકરી છે અને ઘણા રૂપિયા આવે છે, તો તારે આ રૂપિયાનું શું કામ છે?" આ બોલાચાલી બાદ આરોપીએ તેમના ઘરમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કર્યો હતો. તેણે ઘરના કબાટ અને ટીવીની તોડફોડ કરી આશરે રૂ. ૫,૫૦૦નું નુકસાન પહોંચાડ્યું હતું. તોડફોડ કરવા ઉપરાંત આરોપીએ ફરિયાદીને ઢીકાપાટુનો માર માર્યો હતો અને બેફામ ગાળો ભાંડી હતી. જતા-જતા આરોપીએ તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# માસીના ઘરે જવાનું કહીને નીકળેલી ભુરખીયા ગામની યુવતી ગુમ

લાઠી, તા. ૦૫

માસીના ઘરે જવાનું કહીને નીકળેલી ભુરખીયા ગામની એક યુવતી ગુમ થતાં ચકચાર મચી છે.

આ અંગે ભગવાનભાઈ ઉર્ફે ભાવેશભાઈ રણછોડભાઈ કોટડીયા (ઉ.વ. ૫૨) એ પોલીસને આપેલી જાણકારી મુજબ, તેમની દીકરી નિશાબેન (ઉ.વ. ૨૬) પોતાના માસીના ઘરે લાલવદર જવાનું કહીને ઘરેથી નીકળી હતી.

જોકે, તે રસ્તામાં કોઈને પણ કંઈ કહ્યા વગર ક્યાંક ચાલી ગઈ હતી. આ મામલે લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. એન. ગરૈયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૫૦ | ૧૯૨૦ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૬૨ | ૫૪૦ |
| જુવાર સફેદ | ૯૨૦ | ૧૦૩૮ |
| જુવાર લાલ | ૮૬૦ | ૯૭૦ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૬૦ |
| બાજરી | ૩૦૦ | ૩૭૧ |
| તુવેર | ૧૨૩૦ | ૧૫૧૫ |
| ચણા પીળા | ૯૧૫ | ૧૦૮૦ |
| ચણા સફેદ | ૧૨૪૦ | ૧૭૪૦ |
| અડદ | ૧૩૧૦ | ૧૬૫૦ |
| મગ | ૧૪૫૦ | ૧૯૦૦ |
| વાલ દેશી | ૬૫૦ | ૮૦૦ |
| ચોળી | ૮૦૦ | ૧૫૦૦ |
| વટાણા | ૫૫૦ | ૯૫૦ |
| કળથી | ૩૦૦ | ૪૦૫ |
| રાજમા | ૬૫૦ | ૧૭૧૫ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૦૫૦ |
| મગફળી જાડી | ૧૨૩૦ | ૧૪૯૦ |
| મગફળી જીણી | ૧૨૭૦ | ૧૬૩૭ |
| અળશી | ૧૬૭૫ | ૧૬૭૫ |
| તલી | ૧૪૫૦ | ૨૧૫૦ |
| સુરજમુખી | ૧૨૯૦ | ૧૨૯૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૭૫ |
| અજમો | ૧૪૦૦ | ૨૨૧૫ |
| સુવા | ૧૨૦૦ | ૧૪૬૦ |
| સોયાબીન | ૧૦૨૦ | ૧૨૬૬ |
| સીંગફાડા | ૧૨૫૦ | ૧૭૮૦ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૫૫૧ |
| લસણ | ૮૦૫ | ૧૫૭૦ |
| ધાણા | ૨૨૭૫ | ૨૪૯૦ |
| મરચા સુકા | ૧૬૦૦ | ૫૫૦૦ |
| ધાણી | ૨૩૦૦ | ૨૫૯૮ |
| વરીયાળી | ૧૨૫૪ | ૨૦૩૭ |
| જીરૂ | ૩૪૫૦ | ૩૯૭૦ |
| રાય | ૧૩૦૫ | ૧૫૨૫ |
| મેથી | ૧૧૧૦ | ૧૯૧૧ |
| ઇસબગુલ | ૨૧૮૬ | ૨૧૯૨ |
| કલોંજી | ૨૮૭૫ | ૩૫૧૧ |
| રાયડો | ૧૧૪૧ | ૧૨૮૨ |
| રજકાનું બી | ૬૫૦૦ | ૭૩૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૬૨ | ૫૪૨ |
| લીંબુ | ૧૮૩૭ | ૪૦૩૬ |
| સાકરટેટી | ૧૫૧ | ૩૦૮ |
| તરબુચ | ૧૦૯ | ૨૧૪ |
| પપૈયા | ૮૧ | ૧૬૨ |
| બટેટા | ૮૧ | ૨૬૪ |
| ડુંગળી સુકી | ૫૫ | ૨૩૧ |
| ટમેટા | ૩૩૮ | ૫૭૨ |
| સુરણ | ૭૮૨ | ૯૪૯ |
| કોથમરી | ૩૧૮ | ૫૨૧ |
| મુળા | ૩૩૪ | ૫૦૨ |
| રીંગણા | ૧૦૯ | ૨૧૨ |
| કોબીજ | ૧૦૬ | ૧૯૨ |
| ફ્લાવર | ૩૧૧ | ૫૨૪ |
| ભીંડો | ૯૩ | ૧૫૩ |
| ગુવાર | ૩૧૩ | ૫૭૮ |
| ચોળાસીંગ | ૨૨૯ | ૪૪૮ |
| ટીંડોળા | ૨૬૯ | ૬૦૪ |
| દુધી | ૧૦૨ | ૧૬૮ |
| કારેલા | ૧૭૪ | ૨૫૮ |
| સરગવો | ૨૪૫ | ૪૬૦ |
| તુરીયા | ૨૨૪ | ૩૯૨ |
| પરવર | ૩૬૫ | ૬૦૪ |
| કાકડી | ૧૮૬ | ૩૧૧ |
| ગાજર | ૨૦૫ | ૪૩૬ |
| વટાણા | ૧૦૩૧ | ૧૪૨૩ |
| ગલકા | ૧૦૨ | ૧૯૪ |
| બીટ | ૧૫૮ | ૩૧૯ |
| મેથી | ૫૩૨ | ૮૨૨ |
| ડુંગળી લીલી | ૩૧૧ | ૫૮૪ |
| આદુ | ૧૦૮૮ | ૧૩૭૯ |
| મરચા લીલા | ૪૭૨ | ૬૮૮ |
| મકાઇ લીલી | ૧૧૨ | ૨૨૫ |
| ગુંદા | ૨૫૬ | ૪૬૮ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૮૧ | ૧૮૭૧ |
| મગફળી જીણી | ૧૨૫૦ | ૧૮૭૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૦ | ૧૯૦૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૮૦૧ |
| એરંડા / એરંડી | ૧૦૫૧ | ૧૨૮૧ |
| જીરૂ | ૨૧૦૧ | ૪૦૭૧ |
| વરીયાળી | ૧૯૫૧ | ૨૧૫૧ |
| ધાણા | ૧૬૦૧ | ૨૬૦૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૯૦૧ | ૬૯૦૧ |
| લસણ સુકું | ૬૯૧ | ૧૬૦૧ |
| ડુંગળી લાલ | ૬૧ | ૨૭૧ |
| અડદ | ૮૦૧ | ૧૬૫૧ |
| રાયડો | ૧૦૬૧ | ૧૨૩૧ |
| રાય | ૧૦૦૦ | ૧૩૭૧ |
| કાંગ | ૪૮૧ | ૫૬૧ |
| સુરજમુખી | ૯૦૧ | ૯૦૧ |
| મરચા | ૨૦૦૧ | ૭૨૦૧ |
| મગફળી જાડી | ૧૧૬૧ | ૧૭૫૧ |
| મગફળી ૬૬ | ૧૫૦૧ | ૧૫૯૧ |
| તલ - તલી | ૧૨૦૦ | ૨૨૬૧ |
| ધાણી | ૧૭૦૧ | ૨૮૧૧ |
| મરચા સૂકા ઘોલર | ૨૪૦૧ | ૭૦૦૧ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૮૦ |
| બાજરો | ૩૦૦ | ૩૪૧ |
| જુવાર | ૬૬૧ | ૯૪૧ |
| મકાઇ | ૩૬૧ | ૪૫૧ |
| મગ | ૯૦૦ | ૧૭૬૧ |
| વાલ | ૪૩૧ | ૧૧૫૧ |
| ચોળા / ચોળી | ૫૦૧ | ૧૪૯૧ |
| સોયાબીન | ૧૧૦૧ | ૧૨૭૬ |
| અરીઠા | ૨૯૧ | ૮૦૧ |
| ગોગળી | ૧૧૦૧ | ૧૩૦૧ |
| વટાણા | ૩૭૧ | ૮૭૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૧૮૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૦૦ | ૧૦૦૦ |
| કોબી | ૪૦ | ૨૪૦ |
| દુધી | ૬૦ | ૩૬૦ |
| ફ્લાવર | ૬૦ | ૪૨૦ |
| કાકડી | ૬૦ | ૪૦૦ |
| રીંગણા | ૨૦ | ૨૪૦ |
| ભીંડો | ૧૦૦ | ૩૨૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૯૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૯૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૪૦૦૦ |
| શક્કરીયા | ૧૮૦ | ૩૦૦ |
| કેરી કાચી | ૧૦૦ | ૪૦૦ |
| બટેટા | ૧૮૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૬ | ૧૧ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| ચૂરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગુંદા | ૬૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૨૪૦૦ |
| મેથી પુરા | ૮ | ૧૧ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૧૫ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૭૦૦ |
| કારેલા | ૨૦૦ | ૭૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૮૪૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૫૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૨૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૨૪૦ |
| લસણ પુરા | ૧૦ | ૨૦ |
| પાલક પુરા | ૩ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૫૪૫ |
| શિંગ દાણા | ૧૮૨૦ | ૧૯૩૫ |
| શિંગદાણા ફાડા | ૧૬૮૦ | ૧૯૧૫ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૨૧૯૫ |
| તલ કાળા | ૨૨૮૦ | ૩૫૬૦ |
| બાજરો | ૪૭૦ | ૫૧૦ |
| જુવાર | ૫૦૦ | ૯૦૫ |
| ઘઉં બંસી | ૪૪૫ | ૪૪૫ |
| ઘઉં ટુકડા | ૩૮૦ | ૫૮૦ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૪૮૫ |
| મગ | ૧૨૦૦ | ૧૭૩૦ |
| ચણા | ૮૨૫ | ૧૦૫૦ |
| ચણા દેશી | ૧૦૩૫ | ૧૦૩૫ |
| સફેદ ચણા | ૯૦૦ | ૧૦૭૫ |
| છોલે ચણા | ૧૩૭૫ | ૧૩૭૫ |
| તુવેર | ૮૦૦ | ૧૪૦૫ |
| કપાસ | ૧૧૫૦ | ૧૯૧૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૬૫ |
| જીરુ | ૨૩૦૦ | ૩૮૮૫ |
| રાય | ૧૦૦૦ | ૧૩૩૫ |
| ધાણા | ૨૨૦૦ | ૨૩૮૦ |
| ધાણી | ૨૨૦૦ | ૨૫૨૦ |
| મેથી | ૮૨૦ | ૧૨૯૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૨૯૦ |
| મરચાં લાંબા | ૮૮૦ | ૬૪૭૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૨૬૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૪૦ |
| કોબીજ | ૨૧૦ | ૨૬૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૫૦૦ | ૬૦૦ |
| સુરણ | ૮૩૦ | ૯૫૦ |
| ગાજર | ૪૩૦ | ૫૧૦ |
| દુધી | ૧૫૦ | ૨૧૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૧૬૦ | ૨૨૦ |
| ગુંદા | ૪૦૦ | ૬૦૦ |
| કાકડી | ૩૦૦ | ૩૫૦ |
| ગુવાર | ૪૦૦ | ૬૦૦ |
| કાચી કેરી | ૩૫૦ | ૯૨૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ચોળા લીલા | ૨૦૦ | ૩૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૪૦૦ |
| પાકી કેરી | ૧૪૫૦ | ૨૩૦૦ |
| ગરમર | ૬૨૦ | ૮૦૦ |
| ભીંડો | ૨૨૦ | ૩૨૦ |
| આદુ | ૧૪૦૦ | ૧૯૦૦ |
| કોથમીર | ૫૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફોદીનો | ૩૦૦ | ૪૩૦ |
| ટીંડોરા | ૫૫૦ | ૬૦૦ |
| બીટ | ૨૧૦ | ૩૦૦ |
| સરગવો | ૩૨૦ | ૪૩૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૨૨૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૭૩૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૨૫૦ |
| લસણ લીલું | ૩૫૦૦ | ૪૨૦૦ |
| લસણ સુકું | ૧૦૦૦ | ૧૯૦૦ |
| પાલક | ૪૫૦ | ૫૩૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૩૫૨ |
| શીંગ મોટી | ૧૦૫૦ | ૧૪૨૧ |
| શીંગ નવી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૧૯૦ |
| તલ કાળા | ૩૧૫૦ | ૩૫૮૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૮૦ |
| કપાસ | ૧૫૫૦ | ૧૮૬૫ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૦ |
| બાજરો | ૪૫૦ | ૫૩૦ |
| જુવાર | ૬૫૦ | ૯૫૩ |
| મકાઈ | ૪૦૦ | --- |
| મગ | ૧૫૫૦ | ૧૮૮૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૭૧ |
| દેશી ચણા | ૧૦૨૦ | ૧૧૦૫ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૨૫ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૫૮ |
| મેથી | ૧૩૦૦ | ૧૪૩૦ |
| રાય/રાયડો | ૧૨૦૦ | ૧૩૭૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૪૫૦ |
| સોયાબીન | ૧૦૫૦ | ૧૧૭૮ |
| કલોજી | ૩૦૦૦ | ૩૪૬૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૪૦ | ૧૯૪૦ |
| કપાસ મીડી. | ૧૫૫૦ | ૧૬૩૦ |
| મગફળી | ૧૨૩૦ | ૧૪૮૦ |
| જીરૂ | ૩૩૩૦ | ૩૯૯૦ |
| ચણા | ૧૦૩૪ | ૧૦૬૬ |
| ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| તલ સફેદ | ૧૫૪૦ | ૨૧૮૦ |
| તલ કાળા | ૨૯૨૦ | ૩૪૬૦ |
| તુવેર | ૧૧૮૦ | ૧૪૭૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૫૫ |
| ઘઉં લોકવન | ૩૫૦ | ૪૬૦ |
| ઘઉં ટુકડા | ૩૬૩ | ૪૭૧ |
| ચણા | ૮૦૦ | ૧૦૫૦ |
| ધાણા | ૧૨૯૦ | ૨૩૧૫ |
| ચણા સફેદ | ૮૦૦ | ૯૬૫ |
| એરંડી | ૭૦૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૫૫ |
| મગફળી | ૧૧૦૦ | ૧૩૭૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૧૨૫૨ | ૧૨૭૫ |
| વાલ | ૭૨૦ | ૭૨૦ |
| શીંગ દાણા | ૧૬૬૫ | ૧૬૬૫ |
| લશણ | ૬૮૦ | ૬૮૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૩૦૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ઘઉં લોકવન | ૪૩૫ | ૪૫૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૪૪ |
| એરંડા | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ચોળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૧૮૫ | ૧૧૯૦ |
| શીંગદાણા | ૧૮૦૦ | ૧૮૨૫ |
| તલ | ૧૮૮૦ | ૧૮૮૦ |
| મેથી | ૮૦૦ | ૧૧૭૦ |
| તલ કાળા | ૨૩૫૦ | ૨૩૫૦ |
| રાય | ૧૩૧૫ | ૧૩૧૫ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૨૫૪ | ૧૩૭૨ |
| શીંગ ઉનાળુ નવી | ૧૩૫૦ | ૧૫૮૮ |
| શીંગ ૬૬ | ૧૨૬૦ | ૧૩૭૮ |
| શીંગ જી-૨૦ | ૧૧૧૫ | ૧૨૯૧ |
| એરંડા | ૧૦૧૫ | ૧૨૬૨ |
| જુવાર | ૪૦૧ | ૮૫૩ |
| બાજરી | ૩૪૦ | ૫૩૩ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૪૮ |
| મકાઈ | ૪૧૮ | ૪૧૮ |
| અડદ | ૫૫૫ | ૧૫૩૦ |
| મગ | ૪૯૦ | ૨૪૧૦ |
| મેથી | ૯૧૫ | ૧૩૯૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૪૫ |
| તલ સફેદ | ૧૮૬૧ | ૨૨૦૦ |
| તલ કાળા | ૬૪૦ | ૩૫૩૫ |
| તુવેર | ૧૨૫૦ | ૧૩૨૪ |
| જીરૂ | ૩૧૦૦ | ૩૧૦૦ |
| ડુંગળી લાલ | ૬૦ | ૩૩૯ |
| ડુંગળી સફેદ | ૧૯૦ | ૨૮૦ |
| નાળીયેર | ૫૦૦ | ૨૨૧૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૫૮૧ | ૧૮૩૧ |
| મગફળી | ૧૧૦૫ | ૧૩૨૫ |
| ચણા | ૧૦૧૧ | ૧૦૫૦ |
| તલ કાળા | ૨૭૫૧ | ૩૩૦૧ |
| તુવેર | ૧૨૫૧ | ૧૪૧૧ |
| ધાણા | ૨૨૭૦ | ૨૨૯૬ |
| એરંડા | ૧૧૦૧ | ૧૨૩૧ |
| જીરૂ | ૩૬૯૯ | ૩૬૯૯ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૨૫૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૧૯૯૦ | ૨૨૦૦ |
| તલ કાળા | ૨૪૦૦ | ૩૪૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૮૨૮ |
| બાજરો | ૩૦૦ | ૫૫૩ |
| ઘઉં ટુકડા | ૩૯૦ | ૪૮૪ |
| જુવાર | ૩૦૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૪૦૦ | ૪૫૧ |
| મગ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| તુવેર | ૭૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૪૧ |
| એરંડી | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ધાણા | ૨૦૦૧ | ૨૦૦૧ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૦૧ |
| રાય | ૧૧૫૦ | ૧૩૫૧ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૯૨૧ |
| ઘઉં | ૪૦૧ | ૪૬૦ |
| મકાઈ | ૪૦૦ | ૬૦૬ |
| ચણા | ૯૦૧ | ૧૦૬૬ |
| તુવેર | ૮૦૧ | ૧૪૭૬ |
| મગફળી | ૮૦૧ | ૧૩૩૧ |
| શિંગફાડા | ૧૫૦૧ | ૧૭૮૧ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૨૦૬૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૨૯૧ |
| મેથી | ૯૦૧ | ૧૧૪૧ |
| જીરૂ | ૩૦૦૧ | ૩૮૬૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૩૪૬ |
| લસણ | ૧૦૧ | ૮૦૧ |
| સોયાબીન | ૧૧૦૧ | ૧૨૭૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૦૦ | ૫૫૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૯૧ |
| રાય | ૧૨૨૫ | ૧૩૪૪ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૭૨ |
| મેથી | ૯૦૦ | ૧૨૭૦ |
| જુવાર | ૭૫૦ | ૯૯૨ |
| ચોળી | ૮૦૦ | ૧૫૮૦ |
| અડદ | ૧૩૫૦ | ૧૬૧૭ |
| મગ | ૧૫૨૦ | ૧૯૯૨ |
| એરંડી | ૧૧૫૦ | ૧૨૩૭ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૨ |
| સફેદ તલ | ૧૪૫૦ | ૧૯૧૫ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૫૫૬ |
| સોયાબીન | ૧૦૪૦ | ૧૧૭૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૩૦૦ |
| કાંગ | ૪૨૫ | ૫૦૯ |




લાગે તો તીર : -બકો અને બેરાલાલ માથું ખંજવાળી રહ્યા હતા 06


# મમતાનો અસ્ત, વિજયનો ઉદય



મમતા બેનરજી મકા ખેલા હો ગયા.

દેશનાં પાંચ રાજ્યોની ચૂંટણીનાં પરિણામ આવી ગયાં. આ પરિણામોમાં પશ્ચિમ બંગાળ અને તમિલનાડુનાં પરિણામો સૌથી નોંધપાત્ર છે. બંગાળમાં મમતા બેનરજીની હાર થશે અને ભાજપ જીતશે એવી અપેક્ષા હતી પણ તમિલનાડુમાં ફિલ્મ સ્ટારમાંથી રાજકારણી બનેલા વિજયની પાર્ટીને આવી જબરદસ્ત સફળતા મળશે એવી કોઈને આશા નહોતી એ જોતાં તમિલનાડુનાં પરિણામ લોકો માટે આંચકાજનક છે. તમિલનાડુમાં વધારે આંચકાજનક વાત એ છે કે, સત્તાધારી ડીએમકે છેક ત્રીજા સ્થાને આવી ગઈ છે જ્યારે ભાજપ સાથે જોડાણ કરીને લડનારી એઆઈએડીએમકે બીજા સ્થાને આવી છે. તમિલનાડુની પ્રજામાં હિંદુ વિરોધી ઉન્માદ ઉભો કરનારા અને સનાતન ધર્મ વિરોધી બકવાસ કરનારા સ્ટાલિન તથા તેના દીકરા ઉદયનિધીને ઘરભેગા કરીને તમિલ પ્રજાએ તેમને પાઠ ભણાવ્યો છે.

બાકીનાં ત્રણ રાજ્યોમાં અપેક્ષા પ્રમાણેનાં પરિણામ આવ્યા છે તેથી તેની કોઈ ચર્ચા નથી. આસામમાં ભાજપે સતત ત્રીજી વાર જીતીને સત્તા હાંસલ કરી છે અને કોંગ્રેસનાં સૂપડાં સાફ કરી નાખ્યાં છે. આસામમાં કોંગ્રેસ ફરી સત્તામાં આવવાનાં સપનાં જોતી હતી પણ ભાજપે તેનાં સપનાં ચકનાચૂર કરી નાખ્યાં છે. કેરળમાં કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ)એ ડાબેર મોરચાને પછાડીને પિનારાયી વિજયનના ૧૦ વર્ષના શાસનનો અંત લાવી દીધો છે. કોંગ્રેસે બીજે જરાય સારો દેખાવ કર્યો નથી પણ કેરળમાં જીત મળી તેથી તેની નિષ્ફળતા ઢંકાઈ ગઈ છે. નાનકડા પુડુચેરીમાં ભાજપ અને તેના સાથી ઓલ ઈન્ડિયા એન.આર. કોંગ્રેસે સત્તા જાળવી છે અને કોંગ્રેસના ભાગે નિરાશા આવી છે.

////////////////////////////

બંગાળમાં ભાજપની જીત બહુ મોટી છે.

ભાજપ છેલ્લાં ૧૫ વર્ષથી પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસને હરાવવા મથતો હતો પણ સફળતા નહોતી મળતી. ૨૦૧૬ અને ૨૦૨૧માં પણ ભાજપે પૂરી તાકાત લગાવી દીધી હતી પણ જીતી નહોતા શક્યા. આ વખતે ભાજપે મહિલાઓને દર મહિને ૩૦૦૦ રૂપિયા આપવાનો દાવ ખેલ્યો અને એ ફળી ગયો. મહિલા મતદારોના જોરે ભાજપે ૧૫ વર્ષથી જામેલાં મમતાને ઉખાડી ફેંક્યાં. તેના કારણે મમતા ભારતમાં સૌથી લાંબો સમય સત્તામાં રહેનારાં મહિલા મુખ્યમંત્રી ના બની શક્યાં અને શીલા દિક્ષિતનો રેકોર્ડ અકબંધ રહી ગયો.

બંગાળમાં ભાજપે ચોક્કસ વ્યૂહરચના બનાવીને જીત મેળવી છે. ભાજપે પહેલાં તૃણમૂલ કોંગ્રેસના નેતાઓને પોતાની તરફ ખેંચ્યા, પછી ધીરે ધીરે હિંદુત્વવાદી વિચારો દ્વારા પોતાની એક મતબેંક બનાવી અને છેલ્લે મહિલાઓને દર મહિને સહાયનો માસ્ટરસ્ટ્રોક ખેલી નાંખ્યો. ઘણાં રાજ્યોમાં ભાજપને આ દાવ ફળેલો છે ને બંગાળમાં પણ તેનું પુનરાવર્તન થયું.

આ હાર સાથે મમતા બેનરજીની રાજકીય કારકિર્દી લગભગ પતી ગયેલી મનાય છે કેમ કે મમતા હવે ૭૧ વર્ષનાં છે અને બીજાં ૫ વર્ષ ટકી શકે એવું તેમનું શારીરિક સ્વાસ્થ્ય નથી. આ સંજોગોમાં તૃણમૂલ કોંગ્રેસની જવાબદારી કોના ખભે આવશે એ જોવાનું રહેશે પણ મમતાને ઈતિહાસ એક લડાયક નેતા તરીકે હંમેશાં યાદ રાખશે. પહેલાં કોંગ્રેસમાં હતાં ત્યારે કોંગ્રેસની નેતાગીરી સામે, તૃણણૂલ કોંગ્રેસ બનાવ્યા પછી ડાબેરીઓ સામે અને મુખ્યમંત્રી બન્યા પછી ભાજપ સામે મમતાએ આપેલી લડત યાદગાર છે. મમતાએ એકલા હાથે બધાંને હંફાવીને સળંગ ૧૫ વર્ષ સુધી બંગાળ પર શાસન કર્યું. ભારતના રાજકારણમાં આવી કોઈ મહિલા આવી નથી ને કદાચ આવશે પણ નહીં.

////////////////////////////

વિજયને તમિલ પ્રજા લાડથી 'થલપતિ' કહે છે.

'થલપતિ' એટલે લીડર, લોકોનો માર્ગદર્શક અને તમિલ પ્રજાએ વિજયને પોતાના નવા માર્ગદર્શક તરીકે પસંદ કર્યો છે. વિજય તમિલનાડુમાં સત્તાસ્થાને પહોંચનારો એમજીઆર અને જયલલિતા પછી ત્રીજો સુપરસ્ટાર બન્યો છે. અલબત્ત એમજીઆર અને જયલલિતા બંને કોઈના રાજકીય વારસા પર આગળ આવ્યાં હતાં એ જોતાં વિજયની સફળતા બહુ મોટી છે.



બ્રેકિંગ પોઈન્ટ

નેહા શર્મા

વિજય સામાન્ય પરિવારનો દીકરો નથી પણ ધનિક પરિવારનું સંતાન છે. વિજયના પિતા એસ. એ. ચંદ્રશેખર ફિલ્મ ડિરેક્ટર છે જ્યારે માતા શોભા ચંદ્રશેખર પ્લેબેક સિંગર છે. વિજયના પિતા ખ્રિસ્તી છે જ્યારે માતા હિન્દુ છે. વિજય સારી સ્કૂલોમાં ભણ્યો છે અને સારી જીંદગી જીવ્યો છે. લોયોલા કોલેજમાંથી વિઝ્યુઅલ કોમ્યુનિકેશનમાં સ્નાતક વિજયને તેના પિતાએ જ લોંચ કરેલો તેથી વિજયે સામાન્ય પરિવારનાં સંતાનો જેવો સંઘર્ષ જોયો નથી પણ સામે તેને કોઈ રાજકીય પીઠબળ પણ નથી. વિજય કોઈ રાજકીય વિચારધારા સાથે જોડાયેલો નથી જ્યારે એમ.જી. આર અને જયલલિતા ડીએમકેની વિચારધારામાંથી બહાર આવ્યાં હતાં.

એમ.જી. આર ઉર્ફે મરૂધર ગોપાલન રામચંદ્રન તમિલનાડુમાં ૧૯૭૭થી ૧૯૮૭ એમ દસ વર્ષ સુધી મુખ્યમંત્રી હતા. તમિલનાડુમાં આઝાદી પહેલાંથી દ્રવિડ ચળવળ પ્રબળ બની અને ૧૯૪૦ના દાયકામાં પેરીયારે જસ્ટિસ પાર્ટી બનાવી હતી. પેરીયારની છત્રછાયામાં અન્નાદુરાઈ અને કરૂણાનિધી દ્રવિડિયન ચળવળના નેતા તરીકે ઉભર્યા. પેરીયારે પોતાનાથી ૨૦ વર્ષ નાની યુવતી સાથે લગ્ન કરીને રાજકીય વારસ બનાવતાં અન્નાદુરાઈ અને કરૂણાનિધીએ ૧૯૪૯માં દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે) બનાવી. એમજીઆર પહેલાં કોંગ્રેસી હતા ને ૧૯૫૩માં ડીએમકેમાં આવ્યા. અન્નાદુરાઈના નિધન પછી કરૂણાનિધી મુખ્યમંત્રી બનતાં એમજીઆરને વિખવાદ થતાં ૧૯૭૨માં એઆઈએડીએમકે બનાવી. ૧૯૭૭માં એ મુખ્યમંત્રી બન્યા પછી ૧૯૮૭માં જીવ્યા ત્યાં લગી મુખ્યમંત્રી રહ્યા.

જયલલિતા તમિલ ફિલ્મોનાં સુપરસ્ટાર જયલલિતાના એમ.જી. રામચંદ્રન સાથે સંબંધો હતા તેથી જયલલિતા આગળ આવ્યાં. એમજીઆરના નિધન પછી તેમનાં પત્ની જાનકી થોડા સમય માટે મુખ્યમંત્રી બનેલાં પણ જયલલિતાએ રાજીવ ગાંધીની કોગ્રેસ સાથે જોડાણ કરીને જાનકીનો ઘડોલાડવો કરીને એઆઈએડીએમકે પર કબજો કરી લીધો. જયલલિતા છ વાર તમિલનાડુનાં મુખ્યમંત્રી બન્યાં ને ૧૪ વર્ષ મુખ્યમંત્રીપદ ભોગવ્યું. ભારતમાં કોઈ ફિલ્મ સ્ટાર આટલો લાંબો સમય મુખ્યમંત્રીપદે રહ્યાં નથી.

વિજય પાસે આ કશું નહોતું છતાં એ સત્તા સ્થાને પહોંચ્યો છે.

//////////////////////

વિજયની સફળતાને આંધ્ર પ્રદેશના એનટીઆરની સાથે સરખાવી શકાય. તેલુગુ ફિલ્મોના સૌથી મોટા સુપરસ્ટાર નંદમૂરિ તારક રામારાવ એટલે કે એનટીઆર પડદા પર પણ રામ બનતા. ધાર્મિક ફિલ્મોમાં ભગવાનના રોલ કરી કરીને કરીને તેલુગુ પ્રજાના મનમાં ભગવાન જેવું સ્થાન મેળવ્યું તેનો જોરદાર રાજકીય ફાયદો તેમને ૧૯૮૩માં મળ્યો હતો. રામારાવે માર્ચ, ૧૯૮૨માં તેલુગુ પ્રજાના સ્વાભિમાનને પુનર્સ્થાપિત કરવા તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) બનાવી અને દસ મહિના પછીતો એનટીઆર આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી બની ગયા હતા.

રામારાવે કોઈ રાજકીય પક્ષ કે વિચારધારાના ખભે રહીને રાજકીય કારકિર્દી ના બનાવી પણ પોતાના કરિશ્મા અને પોતાના દમ પર જીત્યા હતા. વિજય પણ રાજકીય પરિવારનો નથી પણ તમિલ પ્રજાના માનસમાં ઉભી કરેલી હીરોની ઈમેજના કારણે લોકોએ તેને જીતાડ્યો છે.

કોંગ્રેસના ઈશારે ૧૯૮૪માં ભાસ્કરરાવે બળવો કર્યો પછી રામારાવે જોરદાર લડત આપતાં ઈન્દિરાએ તેમની સામે ઝૂકીને રામારાવને ફરી મુખ્યમંત્રી બનાવવા પડ્યા હતા. ઈન્દિરા ગાંધીની હત્યા પછી ૧૯૮૪માં આખા દેશમાં કોંગ્રેસનું રોલર ફરી વળેલું ત્યારે માત્ર એન.ટી. રામારાવે ઝીક ઝીલી હતી અને આંધ્ર પ્રદેશમાં જ કોંગ્રેસ જીતી શકી નહોતી. આંધ્ર પ્રદેશની ૪૨ બેઠકોમાંથી ૨૭ જીતીને ટીડીપી લોકસભામાં સૌથી મોટો વિપક્ષ હતો. ભાજપે લોકસભામાં બે બેઠકો જીતી હતી. રામારાવે ભાજપ સાથે જોડાણ કરેલું તેથી તેમના કારણે એક બેઠક ભાજપ આંધ્ર પ્રદેશમાં જીતી ગયેલો ને બીજી બેઠક ગુજરાતના મહેસાણામાં જીતી હતી.

રામારાવે આંધ્રના રાજકારણને બદલી નાંખ્યું. વરસોથી જામેલી કોંગ્રેસને ઉખાડી ફેંકી. તેમના જમાઈ ચંદ્રાબાબુ નાયડુ તેમના રાજકીય વારસાના જોરે જ આગળ આવ્યા છે. આંધ્રમાં એન.ટી. રામારાવે જે પ્રભાવ ઉભો કર્યો તેવો પ્રભાવ બીજો કોઈ સપર સ્ટાર ઉભો નથી કરી શક્યો. રામારાવ ત્રણ વાર આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી બન્યા ને કુલ સાત વર્ષ જ મુખ્યમંત્રી રહ્યા. તેમના જમાઈ અને હાલના આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ બગાવત કરી પછી તેમની રાજકીય કારકિર્દીનાં વળતાં પાણી શરૂ થયાં પણ તેમણે બનાવલો પક્ષ ટીડીપી આજેય મજબૂત છે. આંધ્ર પ્રદેશમાં તો ટીડીપીની સરકાર છે જ પણ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પણ ટીડીપીના ટેકે ટકેલી છે. વિજયની પાર્ટી આવો પ્રભાવ ઉભો કરી શકે છે કે નહીં એ જોઈએ. ■

sanjogpurti@gmail.com

# મધ્ય પૂર્વનો મહાસંગ્રામ

## ચીન અને રશિયાની ગૂઢ રણનીતિ અને ખાનગી હિલચાલ



ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતા જતા તણાવ અને યુદ્ધ જેવી પરિસ્થિતિમાં વિશ્વની બે મોટી સત્તાઓ, ચીન અને રશિયા, ઉપરછલ્લી રીતે શાંત દેખાય છે. પરંતુ આ 'ચૂપકીદી' કોઈ નબળાઈ કે અજ્ઞાનતા નથી, બલ્કે તે અત્યંત ગહન અને વ્યૂહાત્મક રણનીતિનો એક ભાગ છે. આ બંને દેશો જાહેરમાં મોટા નિવેદનો આપવાને બદલે પડદા પાછળ એટલે કે ખાનગી હિલચાલ દ્વારા પોતાની શતરંજની ચાલ ચાલી રહ્યા છે, જેનો હેતુ અમેરિકાના વૈશ્વિક પ્રભુત્વને પડકારવાનો અને પોતાના હિતોનું રક્ષણ કરવાનો છે.

રશિયાની વાત કરીએ તો, તે હાલમાં યુક્રેન સાથેના સંઘર્ષમાં વ્યસ્ત હોવા છતાં, ઈરાન સાથેના તેના સંબંધો અત્યારે ઈતિહાસના સૌથી મજબૂત તબક્કે છે. રશિયા માટે ઈરાન માત્ર એક સાથી નથી, પરંતુ એક એવો દેશ છે જે તેને ડ્રોન અને મિસાઈલ ટેકનોલોજીમાં મદદ કરી રહ્યો છે. રશિયાની શાંતિ પાછળનું મુખ્ય કારણ એ છે કે તે ઈરાનને પશ્ચિમી દેશો સામેના 'બફર' તરીકે જુએ છે. રશિયા દ્વારા કરવામાં આવતી ખાનગી હિલચાલમાં ઈરાનને અત્યાધુનિક એર ડિફેન્સ સિસ્ટમ્સ (જેમ કે જી-૪૦૦ ના અદ્યતન વર્ઝન) અને ઈન્ટેલિજન્સ ડેટા પૂરો પાડવાનો સમાવેશ થાય છે. રશિયા ઈચ્છે છે કે મધ્ય પૂર્વમાં અમેરિકા એટલું ગૂંચવાયેલું રહે કે તેની પાસે યુક્રેનને મદદ કરવા માટેના સંસાધનો અને ધ્યાન ઓછું બચે.

બીજી તરફ, ચીન હંમેશા આર્થિક અને રાજદ્વારી હિતોને પ્રાધાન્ય આપે છે. ઈરાન ચીન માટે ઉર્જાનો મુખ્ય સ્ત્રોત છે અને તેની 'બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ' (BRI) માટે એક વ્યૂહાત્મક કડી છે. ચીન જાણે છે કે જો તે સીધું યુદ્ધમાં કૂદશે તો તેના વૈશ્વિક વેપાર અને પશ્ચિમી દેશો સાથેના આર્થિક સંબંધો પર ગંભીર અસર પડી શકે છે. આથી, ચીન જાહેરમાં શાંતિ અને સંયમની અપીલ કરે છે, પરંતુ પડદા પાછળ તેની ખાનગી હિલચાલ ખૂબ જ તેઝ હોય છે. ચીન ઈરાન પાસેથી પ્રતિબંધો છતાં તેલની ખરીદી ચાલુ રાખીને ઈરાનના અર્થતંત્રને ટકાવી રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત, ચીન તેની ડિજિટલ કરન્સી અને વૈકલ્પિક બેંકિંગ ચેનલો દ્વારા ઈરાનને વૈશ્વિક આર્થિક પ્રતિબંધોમાંથી બચવાનો માર્ગ પૂરો પાડે છે.

આ બંને દેશોની મૌન સંમતિ પાછળનું એક મોટું કારણ 'પ્રોક્સી વોર' છે. ચીન અને રશિયા પોતે અમેરિકા સાથે સીધા સૈન્ય સંઘર્ષમાં ઉતરવાનું જોખમ લેવા માંગતા નથી, પરંતુ તેઓ ઈરાનને મજબૂત બનાવીને અમેરિકાની શક્તિને ક્ષીણ કરવા માંગે છે. ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો સૂચવે છે કે આ દેશો વચ્ચે ખાનગી મિલિટરી હોટલાઈન્સ સક્રિય છે, જેના દ્વારા યુદ્ધની રણનીતિઓ અને સેટેલાઈટ ઈમેજરી શેર કરવામાં આવે છે. આ એક એવું છુપું ગઠબંધન છે જે પશ્ચિમી દેશો માટે ચિંતાનો વિષય છે.

નિષ્કર્ષમાં, ચીન અને રશિયાની આ ચૂપકીદી એ હકીકતમાં પશ્ચિમી પ્રભુત્વ સામેનો એક બહુઆયામી ઘેરો છે. તેઓ શાંત રહીને પણ ઈરાનના માધ્યમથી વૈશ્વિક સત્તાનું સંતુલન બદલવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમનો ઉદ્દેશ્ય એક એવી નવી વિશ્વ વ્યવસ્થા ઊભી કરવાનો છે જેમાં અમેરિકાની દખલગીરી ઓછી હોય અને તેમનું પોતાનું વર્ચસ્વ જળવાઈ રહે. આમ, મધ્ય પૂર્વની આ અશાંતિમાં ચીન અને રશિયાની ભૂમિકા 'શાંત પહાડ' જેવી છે, જે દેખાવમાં સ્થિર છે પરંતુ તેની અંદર લાવા ધખધખી રહ્યો છે.

naranbaraiya277@gmail.com

# સુવાક્યો સંજીવીની સમાન હોય છે...



એક શુભ વિચાર માણસને જીવન જીવવાની કળા સાથે નવો રાહ ચીંધે છે. કેટલાક મહાપુરુષો દ્વારા લખાયેલા સુવાક્યો મનુષ્યને આંતરિક ઉર્જા પ્રદાન કરે છે. તેમજ હકારાત્મક ભાવ સાથે કર્મ કરવાની જિજ્ઞાસા જન્માવે છે. ઘણી બધી શૈક્ષણિક સંસ્થાઓમાં દિવાલ તેમજ થાંભલાઓ ઉપર સુંદર અક્ષરે સુવાક્યો શાળાના શૈક્ષણિક વૃંદને જીવંત રાખે છે. નિષ્ફળતા એ સફળતાની ચાવી છે. આ વાક્ય મનુષ્યને એ અર્થસભર પ્રેરણા આપે છે કે આ જીવનમાં નિષ્ફળતા આવે તો ડરવાની જરૂર નથી. પરંતુ તમે તમારા મુકામ સુધી પહોંચવા માટે સતત કર્મ કરતા રહો, ફળની આશા રાખ્યા વગર તેને લક્ષ્ય સુધી પહોંચાડવા માટે સતત કોશિશ કરતા રહો. એટલે તો કહેવાય છે કે કોશિશ કરને વાલો કી કભી હાર નહીં હોતી.. આ બધા વાક્યો વાંચવાથી આંતરિક જુસ્સો મનુષ્યમાં નિર્માણ થાય છે.



સામાજિક અને શૈક્ષણિક

ડો. વિપુલ.ડી. પટેલ

(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

એક બાંકડા પરનું 'અર્થસભર'લખાણ... અહીં'થાકી' ને બેસવાની છૂટ છે...'હારી' ને નહી. ગામડાઓમાં વૃદ્ધ લોકો માટે અથવા તો રાહદારીઓ માટે બાકડા મુકેલા હોય છે. પરિવારથી અથવા અન્ય કંટાળાથી આવીને શાંતિ મેળવવા લોકો એકાંતમાં બેસતા હોય છે. તેવા સમયે કંટાળેલા માણસને આ વાક્ય કેટલો સુંદર મેસેજ આપી જાય છે. હિંમત હારવાથી કશું જ પ્રાપ્ત થતું નથી. કોશિશ કરવાથી લક્ષ્ય તરફ જવાય છે.ધોરણ ૧૦ થી ૧૨ બોર્ડ પરિણામો જાહેર થવાના છે.એવા સમયે બાળકો ઓછા પરિણામના કારણે તણાવમાં આવી જતા હોય છે. મેં આટલી બધી મહેનત કરી અને મારું પરિણામ કેમ ઓછું આવ્યું છે. એના કારણે ગભરામણ અને નાસીપાસ થઈ જતા હોય છે. આવા સમયે હિંમત રાખીને મનોમન મક્કમતાથી આગલા વર્ષે શ્રેષ્ઠ પરિણામ લાવવા માટે કઠોર પરિશ્રમ એ જ યોગ્ય માર્ગ છે.તેવી વિચારસરણી વિદ્યાર્થીઓમાં નિર્માણ થવી અનિવાર્ય છે. આજે ટકા અને પર્સન્ટાઈલ રેન્કથી વિદ્યાર્થીઓની ઓળખ થાય છે. વિદ્યાર્થી તો વિદ્યાર્થી જ છે.. પરંતુ તેની આંતરિક શક્તિઓને ઉજાગર કરવા માટે મોટિવેશન અને યોગ્ય માર્ગદર્શન આપવું જરૂરી છે.

પર્યાવરણના સંરક્ષણ માટે છોડમાં રણછોડ આવું લખેલું હોય છે. તેવા સમયે ડાકોરની પૂનમ ભરનારા કેટલાક ખેડૂતો વૃક્ષો વેચીને ભજન, કીર્તન અને સામાજિક ઉત્સવ કરતા હોય છે ત્યારે છોડમાં રણછોડ ક્યાં ગયા? શબ્દોનો ભાવાર્થ સમજી વિચારી અને તેનું યોગ્ય અમલીકરણ કરવાથી પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.લગ્ન પ્રસંગે એટલો બધો એઠવાડ થાય છે કે ના પૂછો વાત. વેલ એજ્યુકેટેડ લોકોની થાળીમાં અન્નદેવને એઠવાડ દેવ બનાવતા માણસોને કેવા શિક્ષિત અથવા તો અશિક્ષિત ગણવા? આપણા વડવાઓ થાળીમાં પાણી નાખીને એક દાણો બગડે નહીં તે માટે તે પાણી પી જતા હતા. તેમની પાસે તો શિક્ષણ નહોતું પરંતુ હૃદયની સમજણ હતી. આવી બધી નાની નાની વાતો ખૂબ મોટો મેસેજ આપી જાય છે. ગમે તેટલા ફૂડ સિક્યુરિટી બિલ લાવો પરંતુ જ્યાં સુધી અનાજનું મહત્વ ના સમજે ત્યાં સુધી બધું નિરર્થક છે. આજના ભૌતિક અને લાલસાવાળા યુગમાં મારે શું? આ જ રાષ્ટ્ર પ્રેમ છે? પછી દેશ ક્યાંથી પ્રગતિ કરે? સમાજના તમામ લોકો સંસાધનોનો વ્યવસ્થિત ઉપયોગ કરે તો કોઈ તકલીફ જ નથી. બધી જ જગ્યાએ શું વાક્યો લગાવવાથી પરિવર્તન આવી જશે? પરંતુ જેના હૃદયમાં આંતરિક શ્રદ્ધા અને સૂઝ છે એ લોકો સુધારવાની શરૂઆત પોતાનાથી કરશે તો ચોક્કસ તેનું ફળ મળશે. જ્યાં સુધી વૈચારિક બગાડ નહીં સુધરે ત્યાં સુધી બધું નકામું છે. ઘણી વખતે શું વાક્યો લખનાર પોતે અમલ કરતા નથી. ડાહી સાસરે ન જાય.. અને ગાંડીને સલાહ આપે.. આવી ઘટનાઓ સમાજમાં જીવંત જોવા મળે છે. ટીપે ટીપે સરોવર ભરાય આટલું નાનું વાક્ય છે.. પાણીના બચાવવા માટે કેટલો ઉત્તમ મેસેજ આપે છે. આપણે તો વોશબેસિનમાં નળ ચાલુ રાખી બ્રશ કરીએ. બિનજરૂરી ફુવારા ચાલુ રાખેને સ્નાન કરીએ. અંદરનો મેલ હૃદયની શીતળતા જે પાણીથી સાફ થવી જોઈએ તે તો થતી નથી પછી ગમે તેટલી ડોલથી સ્નાન કરીએ જેનો કોઈ અર્થ ખરો? આત્મશુદ્ધિકરણ અને રાષ્ટ્રવાદની ભાવના પ્રબળ હોય તો દેશ માટે કંઈક કરવાની નૈતિકતા જન્મે. રેલવે ફાટક બંધ હોય ત્યારે કેટલાક મહા પુરુષો હોર્ન મારીને અવાજનું પોલ્યુશન કરતા લોકોને કઈ રીતે પ્રેરણા આપી શકાય? શિસ્ત, સંયમ અને નિયમ આ ત્રણ બાબતો જીવનમાં કેળવી જોઈએ.પ્રદૂષણના નિવારણ માટે કચરાપેટી ઉપર સ્પષ્ટ શબ્દોમાં બોર્ડ મારેલું હોય છે "કચરો મને આપો" કેમ છતાં આપણે જાહેર માર્ગ ઉપર ફેંકી દઈએ છીએ.. કચરાપેટી ઉપર લખેલું વાક્ય કચરો મને આપો. જો તમે એમાં નાખ્યું હોત તો કચરાના ઢગલા થયા હોત..? આવા નાના નાના પ્રસંગો મારા વાચક વર્ગ સમક્ષ મુકતા આનંદની લાગણી વ્યક્ત કરું છું. બોર્ડ પરીક્ષામાં સફળ થનાર તમામ બાળકોને શુભકામનાઓ પાઠવું છું. હજુ ઘણી બધી મંઝિલ પ્રાપ્ત કરવાની છે તે માટે આયોજનબદ્ધ પુરુષાર્થ કરતા રહો, ઈશ્વર આપને અતૂટ શક્તિ આપશે. ■ Mo.9825702282

# વનસ્પતિ એટલે શું ? એરંડા વિષે જાણો



વનસ્પતિ એટલે ખાસ કરીને વન વિસ્તારમાં ઊગતા હોય તેવા વેલા, વૃક્ષો, ઝાડ, પાન, ફળ, ફૂલ, છોડ વગેરેને વનસ્પતિ તરીકે ઓળખવામાં આવે છે. જંગલમાં મુખ્યત્વે અનેક પ્રકારની ઔષધિઓ થતી હોવાથી આ ઔષધિઓને ઔષધિય વનસ્પતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. વનસ્પતિઓના અનેક પ્રકાર છે અને તેના વિવિધ ઉપયોગ થાય છે. ભારતમાં પ્રાચીન સમયમાં વનસ્પતિઓ અંગે ઘણું સંશોધન થયું છે અને આ સંશોધનની વિદ્યાને વનસ્પતિશાસ્ત્ર તરીકે ઓળખવામાં આવે છે. આયુર્વેદના ગ્રંથોમાં પણ વનસ્પતિનું ઘણું જ મહત્વ વર્ણવવામાં આવ્યું છે.

વનસ્પતિના પ્રકાર:

સામાન્ય રીતે વનસ્પતિના અનેક પ્રકારો છે જેમાં ઔષધિય વનસ્પતિ મુખ્ય છે. દરિયામાં તળિયે ઊગતા છોડ વગેરેને દરિયાઈ વનસ્પતિ તરીકે ઓળખવામાં આવે છે. ઉપરાંત, ઝાડપાન, છોડ, ફૂલ, વેલા, વેલી, કઠોળ, ફળ, છાયાવાળા વૃક્ષ, દેવદાર, ઘટાદાર વૃક્ષ, પાઈન, ઘાસ, ચરિયાણ, ગૌચરનું ઘાસ, શંકુ આકારના વૃક્ષો, તરુવર, શાખા, ઉપશાખા, મૂળીયા, વડવાઈ સહિત અનેક પ્રકારો છે. ભારતીય શાસ્ત્રોમાં અઢારભાર વનસ્પતિનું વર્ણન કરવામાં આવ્યું છે.

ઔષધીય વનસ્પતિ : ઔષધિ, વનૌષધિ, તુલસી, એલચી, એરંડિયું, એરંડો, લવિંગ, રાઈ, તમાકુ, હેરોન, ચરસ, અફીણ, ગાંજો, મેન્ડ્રેક (ઘેન લાવે ને ઊલટી કરાવે તેવી વનસ્પતિ), બેનલ (પીળાં સુગંધી ફૂલ), ધોળી મૂસળી, હળદર, હરડાં, બહેડાં, આંબળાં, હરડે, પીલુડી, મંજિષ્ઠા, મજીઠ, જવાસો, સોમરાજી, સોમવલ્લી, ગોખરુ, દર્ભ, શંખપુષ્પી, નાગરવેલ, ધમાસો, શતાવરી, શતમૂલી, દ્રાક્ષ, કદલી (કેળ), ઈસબગુલ, અશ્વગંધા, તાંબૂલી, શતપુષ્પા, ડુંગળી, લસણ, જીવંતી, ખદિર (ખેર), અજગંધિકા, ખરપુષ્પા, હિમાવતી, તુવરી, ચોરપુષ્પી, શિલાજિત, કાકમાસી, આંબાહળદર, પલાશ, પીલુ, સમદર સોળ, ચણોઠી.

એરંડા (Castro) એ ગુજરાતનો એક મહત્વનો રોકડિયો પાક છે. આયુર્વેદ અને ઉદ્યોગ એમ બંને દ્રષ્ટિએ તેનું વિશેષ મહત્વ છે.

એરંડા વિશેની કેટલીક પાયાની અને ઉપયોગી માહિતી નીચે મુજબ છે:

૧. એરંડાના મુખ્ય પ્રકારો અને તેલ

દિવેલ (Castro Oil): એરંડાના બીજમાંથી જે તેલ નીકળે છે તેને દિવેલ કહેવાય છે. આ તેલ ઘટ્ટ હોય છે અને લાંબા સમય સુધી બગડતું નથી.

ઔદ્યોગિક ઉપયોગ: તેનો ઉપયોગ ઊંજણ (lubricants), સાબુ, વાર્નિશ અને નાયલોન જેવી વસ્તુઓ બનાવવામાં થાય છે.

૨. આયુર્વેદિક અને સ્વાસ્થ્ય લાભો

આયુર્વેદમાં એરંડાને 'વાત' રોગો માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે:

કબજિયાત: દિવેલ એ કુદરતી રેચક (laxative) છે. રાત્રે ગરમ દૂધમાં થોડું દિવેલ લેવાથી કબજિયાતમાં રાહત મળે છે.

સાંધાનો દુખાવો: એરંડાના પાન ગરમ કરીને સાંધા પર બાંધવાથી કે તેના તેલની માલિશ કરવાથી સોજો અને દુખાવો ઓછો થાય છે.

ત્વચા અને વાળ: તે વાળના ગ્રોથ માટે અને ત્વચાની શુષ્કતા દૂર કરવા માટે પણ ઉપયોગી છે.

૩. ખેતીની દૃષ્ટિએ મહત્વ

ગુજરાતનું સ્થાન: એરંડાના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં મોખરે છે, અને તેમાં પણ ગુજરાત ભારતમાં સૌથી વધુ ઉત્પાદન કરતું રાજ્ય છે.

વાતાવરણ: આ પાકને ઓછો વરસાદ અને મધ્યમ તાપમાન માફક આવે છે. તે ઓછા પાણીએ થતો ખડતલ પાક છે.

૪. સાવચેતી

એરંડાના બીજમાં 'રિસીન' (Ricin) નામનું ઝેરી તત્વ હોય છે. તેથી, તેને સીધા ખાવા જોઈએ નહીં. તેનો ઉપયોગ હંમેશા તેલના સ્વરૂપમાં અથવા વૈદ્યની સલાહ મુજબ જ કરવો હિતાવહ છે.


એરંડાની ખેતી વિશે વધુ જાણવું છે

એરંડાની ખેતીમાં ગુજરાત આખા વિશ્વમાં ડંકો વગાડે છે. જો તમે એરંડાની વૈજ્ઞાનિક ખેતી કરવા માંગતા હોવ, તો નીચે મુજબના મુદ્દાઓ ખૂબ જ મહત્વના છે:

૧. જમીન અને આબોહવા

જમીન: એરંડાને રેતાળ, ગોરાડુ કે મધ્યમ કાળી અને સારી નિતારવાળી જમીન વધુ માફક આવે છે. જમીનમાં પાણી ભરાઈ રહેવું જોઈએ નહીં.

આબોહવા: આ પાકને ગરમ અને સૂકી આબોહવા વધુ અનુકૂળ આવે છે.



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

૨. વાવણીનો સમય અને પદ્ધતિ

સમય: ગુજરાતમાં એરંડાની વાવણી સામાન્ય રીતે ઓગસ્ટ મહિનાના બીજા પખવાડિયામાં (૧૫ ઓગસ્ટ પછી) કરવી હિતાવહ છે. બહુ વહેલી વાવણી કરવાથી જીવાતનો ઉપદ્રવ વધી શકે છે.(ક્રમશ:)

hemangidmehta@gmail.com

# બકો અને બેરાલાલ માથું ખંજવાળી રહ્યા હતાં



બકો અને બેરાલાલ માથું ખંજવાળી રહ્યા હતાં. આ જોઈને અભણ અમથાલાલને લાગ્યું કે, ચૂંટણીના પરિણામ તો આવવાં જોઈએ એમ જ આવ્યાં છે. તો પછી આ બકાને અને બેરાલાલને ઝટકો કેમ લાગ્યો? કોઈ ફુગ્ગાને હવા ભરીને મોટો કરે, એટલે એ થોડો જ હવા મહેલ બની જાય? શિયાળને વાઘનું ચામડું પહેરાવી દેવાથી એ થોડો વાઘ બની જાય??

પરિણામો ચોંકાવનારાં નથી આવ્યાં. મુંગેરીલાલ કે હસીન સપને. જેમ દિવસે સપનાં જોવાં વાળાની હવાઈ યાત્રા હવે જમીન ઉપર લેન્ડ થઈ ગઈ છે.

છતાંય અમથાલાલે પુછવા ખાતર પુછ્યું.

"બેરાલાલ! કાંઈ મૂંઝવણમાં છો? આમ હોગિયુ મોઢું કરીને કેમ બેઠાં છો? કોઈ નજીકનું તો ગુજરી ગયું નથી ને!??"

બેરાલાલ અને બકાને થયું, કોઈ નજીકનું તો શું આઘે આઘે'ય કોઈ ગુજરી ગયું નથી. હાત હાત જણાં વયા ગ્યા ઈ તો ગુજરી ગયાં નો કેવાય!! એમ જીવતાં માણસો? ને થોડાં મારી નંખાય? ઈ તો ખરેખર જીવતાં થયાં કે'વાય! એનાં ( કેરીયરમાં )પણ, મોઢું હોગિયુ છે. ઈ વાતે'ય પાક્કી છે. શું કરવું, શું કરવું?? મોઢાંને ક્યાં છુપાવવું? કોની આગળ છુપાવવું? એવો હવે કોઈ જણ તો બાકી હોવો જોઈએ ને !?

અને હજી તો અમથાલાલ જ છે. હજી બનેવીલાલે'ય આવશે. શું જવાબ આપવો? કેમ વાત કરવી ઈ હવે મોવડી મંડળને થોડું જ પુછાય!? કારણ કે, ઈય આપણી કરતાં'ય વધારે ગમમાં હશે. પણ, એને તો દિલ્હીમાં બેઠાં બેઠાં ગમ દૂર કરવાનો મોંકો'ય મળે છે. આપણે તો ગુજરાતમાં આવી 'ય સગવડ નથી.કવર તો બનાવ્યાં. પણ, ઈ તો ઈ જ હોં. એની હારે કોઈ નો આવે. (શંકરસિંહ બાપુ કહી કહીને થાક્યાં. પણ, ઘરડાનું હવે સાંભળે કોણ?)



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

શું કરવું? શું કરવું?? ત્યાં બનેવીલાલનો અવાજ સંભળાયો.

"એ..લા..આ..!બેરાલાલ !? ચૂંટણી એક રાજ રમત છે. એનું મન ઉપર ના લેવાય! એમાં હાર જીત તો હાલ્યા કરે. ઉપરથી આવેલ ફંડ જો વધ્યું હોય ને તો બે ચાર બોરી ઘઉં ભરી દેજો. ખાવાં થાહે. અને દીવ બીવ જાતાં નહીં. ન્યા બોવ ભીડ ભેગી ભરાણી છે. અહીં આજુબાજુમાં કો કને રોકડી કરાવી દેજો.નવું હવાર તો પડવાનું જ છે. પણ, એક વણમાંગી સલાહ આપું? અમારાં જેવાં અનુભવીનું માને છે કોણ? અમે કહી કહીને થાક્યાં. કે હૂરજ હામે નો થૂંકાય. હૂરજને કાંઈ ફેર નો પડે. થૂંકેલું આપણાં મોઢાં ઉપર જ આવે. પણ માને કોણ!? ઝાંઝવાનાં જળ જેવી વાતો તમને મીઠી વીરડી જેવી લાગતી હતી."

"ઢબનેવીલાલ! હવે તમેય ઘા ઉપર મીઠું ભભરાવશો? કે આશ્વાસનના બે શબ્દો કહેશો!?

કહેવામાં કોઈએ બાકી રાખ્યું નથી. હંભળાવવાનું હતું એનાં કરતાં દસ ગણું કરીને હંભળાવી દીધું છે.

અમારી મતી જ મારી ગઈ હતી કે, અમે એમની વાતોમાં આવી ગયાં. પણ, હવે અમને ખબર પડી ગઈ છે કે, કોણ કોણ આપડા છે? અને કોણ પારકાં."

"ઠીક ઠીક, સવારે ભૂલો પડેલો સાંજે ઘરે પાછો આવે તો એમને ભૂલો પડેલો ગણતાં નથી. પણ, મને એ તો કહો કે તમે લગનનાં ઘોડા હતાં કે રેસનાં ?"

"અરે બનેવીલાલ! તમે સમજયા નહીં. અમે એકેય ઘોડા નહોતાં. ઘોડા હોત તો તો ક્યારેક ક્યારેક કોઈ લગનમાં 'ય બરકત. અને થોડીઘણી આવકેય થાત.પણ.. !!?"

"તો તમે ઘોડા નહોતાં, તો શું ગધેડા હતાં!??"

"ના..ના..ના.! હાવ ગધેડા તો ના ગણાય. પણ.. હવે મારે તમને કેમ સમજાવવું કે.. અમે કોણ હતાં!??"

"બેરાલાલ, બકા ! આમાં તમારો વાંક નથી. સારા સારા ઘોડા 'ય દોડી હકયા નથી. લડાઈમાં જેમ માથાં વધેરાઈ જાય, એમ અહીં સારા સારા નામ ભૂહાંઈ ગયાં છે. મોટાં મોટાં બણગાં ફૂંકતાં હતાં. એમનાં 'ય ભૂંગળા બેવડ વળી ગયાં છે. એમાં તમારી ગાજરની પીપુડી કોણ હાંભળે?'

"સાચી વાત છે તમારી. અમારે આ ચાળે ચડવાની જરૂર નોંતી. અમે કડિયાકામ કરતાં 'તા ઈ બરોબર હતું. આ ચૂંટણીના ચાળે નો ચડાય હોં.!!'

"બેરાલાલ,બકા ! મને ઈ નથી સમજાતું કે, જીતેલાં ઉમેદવારો તો મિટિંગો કરશે, સેવા કરશે , મલાઈ ખાશે? મતલબ મલાઈ વાળા ગોલા ખાશે.

પણ, આ હારેલા ઉમેદવારો શું કરશે ?'

'ઈ જ તો મોટો પ્રશ્ન છે. બનેવી લાલ ! હવે અમારે પાંચ વરહ કરવું શું?? ઉપરથી હવે પૈસા થોડાં જ આવ્યાં કરશે.'

"એક પોલીસવાળાએ કર્યું હતું ઈ કામ કરજો. બીજું શું!!"

"પોલીસવાળાએ? એમણે વળી એવું તે શું કર્યુ??"

"ઉત્તર પ્રદેશનાં, બસ્તી જિલ્લામાં ,સોનહા પોલીસ સ્ટેશન આવેલું છે. એમાં એક વિચિત્ર ઘટનાં ઘટી. આમ તો પોલીસ સ્ટેશનમાં રોજ સામાન્ય માણસ માટે ફરિયાદ આવતી હોય છે. પણ, એક દિવસ આ પોલીસ સ્ટેશનમાં પોલીસ ઉપર જ ફરિયાદ થઈ. "

"આ તો નવું કેવાય! પોલીસ ઉપર અને એ પણ ફરિયાદ? કોણે કરી ફરિયાદ??"

"પોલીસવાળાની પત્નીએ. "

"પણ શા માટે? હું કરવાં??"

"એક પોલીસવાળાના પંડમાં ચૂંટણી માતાજી આવ્યાં. કહે તૂં ચૂંટણી લડ. તૂં જીતી જઈશ. અને પોલીસવાળાએ રાજીનામું આપી દીધું. પણ, ચૂંટણીમાં લગ્નનો ઘોડો સાબિત થયો. હવે શું કરવું?

ચૂંટણી પહેલાં વાસણ તો એ ઘસતો જ હતો. હવે કચરાં પોતાં 'ય માથે આવ્યાં.

એક દિવસ સાંજે પત્ની રસોઈઘરમાં ગઈ. તો બપોરનાં વાસણ એમ જ પડ્યાં હતાં. પતિએ ચૂંટણી પછી વાસણ ઘસવાની ના પાડી દીધી. (ઉમેદવાર વાસણ નો ઘસે)પત્નીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી દીધી.

હારેલાં ઉમેદવારોથી આ કામ થાંહે..!??"

kalubhaibhad123@gmail.com

# દરેક દેશ આ રીતે ઉજવે છે..મધર્સ-ડે



(૨૦) ફ્રાન્સ : ફ્રાન્સમાં, નીચા જન્મ દરના ભય વચ્ચે, ૧૮૯૬ અને ૧૯૦૪માં મોટા પરિવારોની માતાઓના સન્માનમાં રાષ્ટ્રીય ઉજવણી બનાવવાના પ્રયાસ થયા હતા. ૧૯૦૬માં, ૯ બાળક ધરાવતી દસ માતાને 'ઉચ્ચ માતૃત્વ યોગ્યતા'(હૌટ મેરિટ મેટર્નલ)ને માન્યતા આપતો એવોર્ડ આપ્યો હતો. ફ્રાન્સમાં લડતા અમેરિકન વિશ્વયુદ્ધ-Iના સૈનિકોએ અન્ના જાર્વિસ દ્વારા બનાવેલી યુએસ માતૃત્વ દિવસની રજાને લોકપ્રિય બનાવી હતી.તેઓએ માતૃત્વ દિવસ માટે દેશમાં એટલી બધી ટપાલ મોકલી કે યુનિયન ફ્રાન્કો-અમેરિકાને તે માટે એક પોસ્ટલ કાર્ડ બનાવ્યું. ૧૯૧૮માં, જાર્વિસથી પ્રેરિત, લિયોન શહેર 'જર્ની ડેસ મેરેસ' ઉજવવા માંગતું હતું, પણ તેના બદલે 'જર્ની નેશનલે ડેસ મેરેસ ડે ફેમિલ્સ નોમ્બ્રેયુસેસ' ઉજવવાનું નક્કી કર્યું. આ રજા અમેરિકાની રજા કરતાં વસ્તીવિરોધી પ્રયાસથી વધુ પ્રેરિત હતી, જેમાં મોટા પરિવારની માતાઓને મેડલ એનાયત કરાયા હતા. ફ્રેન્ચ સરકારે ૧૯૨૦માં આ દિવસને મોટા પરિવારોની માતાઓના દિવસ તરીકે સત્તાવાર જાહેર કર્યો ત્યારથી ફ્રેન્ચ સરકાર મોટા પરિવારોની માતાઓને મેડેઈલ ડે લ'એનફેન્સ એટ ડેસ ફેમિલ્સ એનાયત કરે છે. ૧૯૪૧માં, ફિલિપ પેટેનની પહેલથી, યુદ્ધ સમયની વિચી સરકારે મોટા પરિવારોને પ્રોત્સાહન આપવા તેમની નીતિના સમર્થનમાં ઉજવણીનો ઉપયોગ કર્યો, પણ હવે બધી માતાનું સન્માન કરાતું હતું.

૧૯૫૦માં, યુદ્ધ પછી, ફરીથી ઉજવણી શરૂ કરાઈ હતી. ૨૪ મે ૧૯૫૦ના કાયદા મુજબ પ્રજાસત્તાકને ફ્રેન્ચ માતાઓને સત્તાવાર શ્રદ્ધાંજલિ આપવાની જરૂર હોઈ, મે મહિનાનો છેલ્લો રવિવાર 'ફેટ ડેસ મેરેસ' તરીકે ઉજવવો જોઈએ.

(૨૧) જ્યોર્જિયા : જ્યોર્જિયા ૩ માર્ચે મધર્સ-ડે ઉજવે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસને બદલવા માટે જ્યોર્જિયાના પ્રથમ રાષ્ટ્રપતિ ઝ્વિયાદ ગામસાખુર્દિયાએ જાહેર કર્યું, અને ૧૯૯૧માં સુપ્રીમ કાઉન્સિલે તેને સત્તાવાર મંજૂરી પણ આપી હતી.આજે જ્યોર્જિયા ૩ માર્ચે માતૃદિન અને ૮ માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવે છે.

(૨૨) જર્મની : જર્મનીમાં મધર્સ ડેને કેક કાપી મે મહિનાના બીજા રવિવારે ઉજવાય છે. ૧૯૨૦ના દાયકામાં, જર્મનીમાં યુરોપમાં સૌથી ઓછો જન્મદર હતો, ઘટાડો ચાલુ રહ્યો હતો. આનું કારણ શ્રમ બજારમાં મહિલાઓની ભાગીદારી હતી. તે સમયે, સમાજના પ્રભાવશાળી જૂથ માનતા કે માતાઓનું સન્માન કરવું જોઈએ, પરંતુ કેવી રીતે કરવું તે અંગે સહમત થઈ શક્યા નહીં. તેથી બધાં જૂથ માતૃત્વના મૂલ્યના પ્રોત્સાહન પર ભારપૂર્વક સંમત થયા.

(૨૩) હંગેરી : હંગેરીમાં , મધર્સ ડે મે મહિનાના પહેલા રવિવારે ઉજવાય છે. જે સૌપ્રથમ ૧૯૨૫માં હંગેરિયન રેડ ક્રોસ યુથ દ્વારા ઉજવવામાં આવ્યો હતો .

(૨૪) ભારત : આધુનિક માતૃદિન ભારતીય સંસ્કૃતિમાં સમાવિષ્ટ થઈ ગયો છે. જે દર વર્ષે મે મહિનાના બીજા રવિવારે ઉજવાય છે. ભારતીયો ભલે આ પ્રસંગને ધાર્મિક પ્રસંગ તરીકે ના ઉજવતા હોય; પણ તેની ઉજવણી ગામ-શહેરોમાં અનેકાનેક કાર્યક્રમો યોજી મહિલા-માતાઓને પ્રોત્સાહન આપી ઉજવાય છે. આ પ્રસંગે ઠેર-ઠેર ને ઘેર-ઘેર કે સોસાયટીઓમાં ખાસ કાર્યક્રમો યોજી માતાને પૂરું સન્માન આપી ઉજવાય છે.

(૨૫) ઈન્ડોનેશિયા : ઈન્ડોનેશિયન ૨૨ ડિસેમ્બરે રાષ્ટ્રીય સ્તરે મધર્સ-ડે ઉજવે છે. રાષ્ટ્રપતિ સુકર્ણોએ ૧૯૨૮ના ઈન્ડોનેશિયન મહિલા કોંગ્રેસની ૨૫મી વર્ષગાંઠ પર, આ તારીખે સત્તાવાર રજા આપી હતી.આ દિવસ મૂળરૂપે ઈન્ડોનેશિયન મહિલાઓની ભાવનાની ઉજવણી અને રાષ્ટ્રની સ્થિતિ સુધારવા ઉજવાતો હતો. આજે, માતૃદિનનો અર્થ બદલાયો છે ને માતાઓ પ્રત્યે પ્રેમ-કૃતજ્ઞતા વ્યક્ત કરી ઉજવાય છે. લોકો માતાને ભેટ આપે છે અને આશ્ચર્યજનક પાર્ટી-સ્પર્ધાઓ યોજે છે, જેમાં રસોઈ અને કબાયા પહેરવાનો સમાવેશ થાય છે. લોકો માતાને ઘરના કામકાજમાંથી એક દિવસ રજા આપે છે.

(૨૬) ઈરાન : ઈરાનમાં , મધર્સ ડે ૨૦ જુમાદા અલ-થાનીના રોજ ઉજવાય છે. શિયા ઈસ્લામ અનુસાર આ ઈસ્લામિક પયગંબર મુહમ્મદની એકમાત્ર પુત્રી ફાતિમાહનો જન્મદિવસ છે. આ દિવસે સરકારી ઈમારતો , ખાનગી ઈમારતો, જાહેર શેરીઓ અને કારની બારીઓ પર ' યા ફાતેમિયા (ઓ!ફાતેમિયા)' લખેલાં બેનર પ્રદર્શિત કરાય છે. મધર્સ ડે મૂળ ૧૬ ડિસેમ્બરે ઉજવાતો હતો, પણ ૧૯૭૯માં ઈરાની ક્રાંતિ પછી તારીખ બદલાઈ ગઈ.આ ઉજવણી મહિલા દિવસ અને માતૃ દિવસ એમ બંને રીતે થાય છે.

(૨૭) આયર્લેન્ડ : આયર્લેન્ડમાં , યુનાઈટેડ કિંગડમની જેમ, લેન્ટના ચોથા રવિવારે મધર્સ ડે ઉજવવામાં આવે છે, તેના મૂળ મધરિંગ સન્ડે સમાન છે. ૧૮મી સદીના અંતમાં આયર્લેન્ડમાં આ પ્રથા લુપ્ત થઈ હતી પરંતુ અમેરિકનીકરણને કારણે ૧૯૫૦ના દાયકાની આસપાસ તેને પુનર્જીવિત કરવામાં આવી હતી.

(૨૮) ઈઝરાયલ : ઈઝરાયલની યહૂદી વસ્તી યહૂદી કેલેન્ડરની શેવત ૩૦ તારીખે મધર્સ ડે ઉજવતી હતી, જે ૩૦ જાન્યુઆરીથી ૧ માર્ચ વચ્ચે આવે છે. આ ઉજવણી હેનરિએટા સ્ઝોલ્ડના મૃત્યુ (૧૩ ફેબ્રુઆરી ૧૯૪૫) તારીખે નક્કી કરી હતી. હેનરિએટાને કોઈ જૈવિક બાળકો નહોતા, પરંતુ તેમની સંસ્થા યુથ આલિયાએ નાઝી જર્મનીમાંથી ઘણા યહૂદી બાળકને બચાવ્યાં અને તેમનું ભરણપોષણ કર્યું હતું. તેણીએ બાળકોના અધિકારોનો પણ બચાવ કર્યો હતો. સ્ઝોલ્ડને તે બધાં બાળકોની 'માતા' મનાય છે, તેથી જ તેમનો વાર્ષિક સ્મૃતિ દિવસને મધર્સ ડે તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું. સમય જતાં આ રજા પરિવારના પરસ્પર પ્રેમની ઉજવણી બની ગઈ, જેને ફેમિલી ડે કહે છે. આ રજા મુખ્યત્વે પૂર્વશાળાઓમાં એક પ્રવૃત્તિ સાથે ઉજવાય છે. જેમાં માતા-પિતાને આમંત્રિત કરાય છે.માતૃદિન કિન્ડરગાર્ટનનાં બાળકો પણ ઉજવે છે.




જીવન તરંગ
જયસ્વી
પટેલ

(૨૯) ઈટાલી : ઈટાલીમાં મધર્સ ડે સૌપ્રથમ ૨૪ ડિસેમ્બર ૧૯૩૩ના રોજ 'માતા અને બાળકના દિવસ' તરીકે ઉજવવામાં આવ્યો હતો. દર વર્ષે સૌથી વધુ ફળદાયી ઈટાલિયન મહિલાઓને જાહેરમાં પુરસ્કાર આપવા ઓપેરા નાઝિઓનલ મેટરનિટા ઈ ઈન્ફાન્ઝિયાએ તેની સ્થાપના કરી હતી. બીજા વિશ્વયુદ્ધ પછી , ટોર્ડિબેટ્ટો ચર્ચના પેરિશ પાદરી રેવરન્ડ ઓટેલો મિગ્લિઓસીએની પહેલથી, ૧૨ મે ૧૯૫૭એ એસિસીમાં મધર્સ ડેની ઉજવણી કરાઈ. જે ઉજવણી એટલી લોકપ્રિય હતી કે પછીના વર્ષે આખા ઈટાલીમાં મધર્સ-ડે અપનાવ્યો. ૧૮ ડિસેમ્બર ૧૯૫૮ના રોજ, રજાને સત્તાવાર બનાવવા ઈટાલિયન સેનેટ સમક્ષ પ્રસ્તાવ રજૂ કરાયો હતો.

sanjogpurti@gmail.com

# કોયલરાણીનું ખોવાયેલું 'કુહૂ.. કુહૂ'



એક હતું સુંદર મજાનું વન. ત્યાં આંબાનું મોટું ઝાડ હતું. આ આંબા પર આપણી વહાલી કોયલરાણી રહે. કોયલનો રંગ તો કાળો-કાળો, પણ એનો અવાજ કેવો મધુર અને મીઠો! આખો દિવસ આંબાની ડાળે બેસીને તે ગાયા કરે : 'કુહૂપ કુહૂપ કુહૂપ' વનનાં બધાં જ પશુ-પક્ષીઓ કોયલનું ગીત સાંભળીને નાચી ઊઠે!


એક સવારે સૂરજદાદા આકાશમાં આવ્યા, પણ કોયલરાણી આજે ચૂપચાપ હતાં! એમણે ગાવા માટે મોઢું ખોલ્યું, પણ અવાજ નીકળ્યો જ નહીં! કોયલરાણીનો 'કુહૂ' અવાજ ક્યાંક ખોવાઈ ગયો હતો. બધાં પશુ-પક્ષી વિચારમાં પડ્યાં, 'આ કોયલરાણી કેમ આજે ચૂપ છે! રોજ તો સવાર પડે ને કુહૂપ કુહૂપ ગાવા માંડે.'

સૌથી પહેલાં ચીં-ચીં કરતી ચકલીબેન આવી. 'કેમ કોયલબેન, આજે તમારે કોઈ ગીત નથી ગાવું?' ચકલીએ પૂછ્યું. પણ કોયલરાણીનો અવાજ તો ખોવાયો હતો. એણે ડોક હલાવીને 'ના' પાડી. ચકલી કહે, "લાવો, હું તમારો અવાજ શોધી આપું!" ચકલીબેન તો ઊડીને પહોંચ્યા ગુલાબના છોડ પાસે. "ગુલાબભાઈ, ગુલાબભાઈ! તમે કોયલનો કુહૂ અવાજ જોયો છે?" ગુલાબ તો લાલચોળ થઈને હસવા લાગ્યું, "અરે ચકલીબેન, અવાજ તે કંઈ દેખાતો હશે? એ તો સાંભળવાનો હોય!' ચકલી નિરાશ થઈને ત્યાંથી ઊડી ગઈ.

ત્યાં તો ધમ-ધમ કરતા હાથીભાઈ આવ્યા. હાથીભાઈ કહે, "ગભરાશો નહીં કોયલબેન! હું મારી લાંબી સૂંઢથી તમારો અવાજ ખેંચી લઈ આવીશ." હાથીભાઈએ તો જોરથી સૂંઢ હવામાં ફેરવીને પવન ફૂંક્યો, "સૂં... સૂં...!"પણ કોયલનો અવાજ પાછો ના આવ્યો. ઉલટાનું, ઝાડ પરથી એક કાચી કેરી કોયલના માથા પર ટપ્પ દઈને પડી! હવે કોયલરાણી ભારે ચિંતામાં હતાં : 'મારો અવાજ ક્યાં ગયો હશે! શું હું હવે બોલી નહિ શકું! શું હું હવે ગાઈ નહિ શકું!'

ત્યાં જ હૂપાહૂપ કરતા વાંદરાભાઈ કૂદતા-કૂદતા આવ્યા. વાંદરાભાઈના હાથમાં એક લાલ મરચું હતું. "કોયલબેન, તમે આ મરચું ખાઈ જાઓ! તમારો અવાજ ફટાક કરતો બહાર આવી જશે!" વાંદરાભાઈએ મજાક કરી. કોયલને તો પોતાનો અવાજ પાછો લાવવો હતો. એણે વાંદરાની વાત માની તરત મરચું ખાઈ લીધું. પણ બિચારી કોયલે જેવું મરચું ચાખ્યું કે તરત જ એનું મોઢું બળવા લાગ્યું! મોઢામાં લાય-લાય ઊડી! - 'સી-સી-સી... હો-હો-હોપ' કોયલ તો કૂદવા લાગી. વનનાં બધાં પક્ષીઓ પણ હવે ચિંતામાં હતાં. બધાંએ ભેગા મળીને ઘણા પ્રયત્નો કર્યા પણ હજુય કોયલનો 'કુહૂ' અવાજ પાછો ન આવ્યો તે ન જ આવ્યો.

આ બધો તમાશો જોઈને આંબાભાઈ ખડખડાટ હસી પડ્યા. આંબાભાઈ કહે, "અરે પક્ષીઓ! કોયલબેનનો અવાજ ક્યાંય ખોવાયો નથી. આ તો ગઈકાલે એમણે ઠંડુ-ઠંડુ પાણી બહુ પીધું હતું ને, એટલે એમનું ગળું પકડાઈ ગયું છે! એમનું ગળું બેસી ગયું છે. અને તેથી જ કોયલરાણી બોલી શકતાં નથી!" એમ કહેતાં આંબાએ કોયલને મીઠો-મીઠો ગરમા-ગરમ કેરીનો રસ પીવડાવ્યો. કોયલને તો રસ પીવાની મજા પડી ગઈ. જેવો ગરમાગરમ રસ પીધો કે તરત જ કોયલના ગળામાંથી અવાજ ફૂટ્યો : "કુહૂ... કુહૂ... કુહૂ...!"



રે વાર્તા!
મનીષ સુથાર

આખું વન ગાજી ઊઠ્યું! ચકલી નાચી, હાથીભાઈએ સૂંઢ હલાવી અને વાંદરાભાઈ તો ઝાડ પર ઊંધા લટકી ગયા. ફરીથી આખુંય વન કોયલરાણીના મધુર અવાજથી ગુંજવા લાગ્યું.

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.


**ખાંભા , ખડાધાર તથા પીપળવા સહિતના ગામોમાં પણ ઝાપટા, કમોસમી વરસાદના કારણે ખેતીના પાકને નુકસાન થવાની ભીતિ**

# રાજયમાં ભર ઉનાળે વીજળીના કડાકા-ભડાકા સાથે કમોસમી વરસાદ ખાબક્યો

અમદાવાદ,તા.૦૫

ગુજરાતમાં મે મહિનાની કાળઝાળ ગરમી વચ્ચે વાતાવરણમાં અચાનક પલટો આવતા અનેક વિસ્તારોમાં ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. મધ્ય અને ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓમાં વીજળીના કડાકા-ભડાકા સાથે કમોસમી વરસાદ ખાબક્યો છે. ભર ઉનાળે આવેલા આ અણધાર્યા વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક તો પ્રસરી છે, પરંતુ ખેડૂતોમાં પોતાના ઊભા પાકને લઈને ચિંતા વ્યાપી ગઈ છે. અમરેલી જિલ્લાના ખાંભા અને આસપાસના ખડાધાર તથા પીપળવા ગામોમાં પણ કમોસમી વરસાદ નોંધાયો હતો. ગીર વિસ્તારમાં આવેલ પ્રખ્યાત તીર્થસ્થળ તુલસીશ્યામ સહિત જંગલ વિસ્તારમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. ઉનાળાની તીવ્ર ગરમી વચ્ચે પડેલા આ વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

કચ્છ જિલ્લામાં ભુજ તાલુકાના મોડસર અને મોખાણા ગામોમાં સાંજના સમયે વરસાદ પડ્યો હતો, જ્યારે અંજાર તાલુકાના હીરાપર સહિત આસપાસના વિસ્તારોમાં કરા સાથે વરસાદ ખાબક્યો હતો. આ વરસાદને કારણે રસ્તાઓ



પર પાણી ભરાઈ ગયાં હતાં અને જનજીવન પર અસર પડી હતી.

મહીસાગર જિલ્લામાં વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. કડાણા તાલુકાના ગ્રામ્ય વિસ્તારો અને રાજસ્થાન બોર્ડર નજીકના ગામો જેવા કે ગોધર, જાગણ અને રાકાકોટમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે. આ વિસ્તારોમાં અચાનક વાદળો ઘેરાતા જનજીવન પર તેની અસર જોવા મળી હતી.બીજી તરફ, દાહોદ શહેર સહિત લીમડી તાલુકાના મીરાખેડી ગામે વીજળીના કડાકા સાથે વરસાદ ત્રાટક્યો હતો. અચાનક સર્જાયેલા આ માહોલથી રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. કમોસમી વરસાદના કારણે ખેતીના પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે, જેનાથી ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે.દાહોદના ફતેપુરા પંથકમાં સ્થિતિ વધુ ગંભીર જોવા મળી હતી. અહીં ભારે પવન, ધૂળની ડમરીઓ અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ ખાબકતા મુખ્ય માર્ગો પર પાણી ભરાઈ ગયા હતા. અરવલ્લી જિલ્લાના મેઘરજ અને મોડાસા પંથકમાં પણ કમોસમી વરસાદ નોંધાયો છે. એક તરફ આ વરસાદે તાપમાનમાં ઘટાડો લાવીને લોકોને ગરમીમાંથી આંશિક રાહત આપી છે, તો બીજી તરફ ખેડૂતો માટે આ પરિસ્થિતિ મુશ્કેલી ઊભી કરી રહી છે. આગામી દિવસોમાં પણ હવામાન વિભાગ દ્વારા વધુ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે, જેના કારણે ખેડૂત વર્ગ ચિંતિત બન્યો છે.

## રાજકોટમાં ગોંડલ ચોકડી પાસે ગમખ્વાર અકસ્માતમાં બે સગા ભાઈઓના મોત

રાજકોટ,તા.૦૫



ગોંડલ ચોકડી પાસે રોંગ સાઈડમાં આવતી સ્કોર્પિયો કારે ઈકો કારને જોરદાર ટક્કર મારતા બે સગા ભાઈઓ, શામજીભાઈ (૭૦) અને મગનભાઈ પાટડિયા (૬૦) ના મોત નીપજ્યા છે. ગોંડલથી લૌકિક પ્રસંગ પતાવી રાજકોટ પરત ફરી રહેલા આ પરિવારની મહિલાઓ સહિત પાંચ સભ્યોને ઈજા પહોંચી છે. સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે, જેમાં સ્કોર્પિયો ચાલકની બેદરકારી સ્પષ્ટ દેખાય છે. ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે અને આજીડેમ પોલીસે સ્કોર્પિયો ચાલક સામે તપાસ હાથ ધરી છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૧ મેના રોજ સોમનાથ આવશે, વહીવટી તંત્ર સજ્જ

સોમનાથ,તા.૦૫

દેશના પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૧ મે, ૨૦૨૬ના રોજ ગુજરાતની મુલાકાતે આવશે. આ પ્રવાસ દરમિયાન તેઓ પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવ મંદિરની સ્થાપનાના ૮૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે




આયોજિત વિશેષ ઉજવણીમાં સહભાગી થશે. વડાપ્રધાનની આ એક દિવસીય મુલાકાતને પગલે સોમનાથનું વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. જિલ્લા કલેક્ટર એન.વી. ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં સુરક્ષા અને આયોજનની સમીક્ષા કરવામાં આવી હતી. પ્રોટોકોલ મુજબ હેલિપેડની સુવિધા, મજબૂત સુરક્ષા વ્યવસ્થા અને અવિરત વીજ પુરવઠા માટે સંબંધિત વિભાગોને સૂચના અપાઈ છે. મંદિર તરફ જતા માર્ગો પર બેરિકેટિંગ, સ્વચ્છતા અભિયાન અને સૌંદર્યવર્ધનની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. યાત્રિકોને મુશ્કેલી ન પડે તે માટે પાર્કિંગનું ખાસ આયોજન કરાયું છે. કલેક્ટરે તમામ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા આદેશ આપ્યા છે.

## ખેલ પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા કચ્છ કલેક્ટરે ૧૦૫ મેદાનોને સત્તાવાર દરજ્જો આપ્યો

ભુજ,તા.૦૫

વર્ષ ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સની તૈયારીના ભાગરૂપે કચ્છ કલેક્ટર આનંદ પટેલે ઐતિહાસિક નિર્ણય લઈ જિલ્લાના ૯ તાલુકાઓમાં ૧૦૫ રમત-ગમતના મેદાનો સત્તાવાર રીતે નીમ કર્યા છે. માત્ર એક મહિનામાં ૮.૪૯ લાખ ચોરસ મીટર જમીનને રેવન્યુ રેકર્ડ પર લાવીને મહેસૂલી તંત્રે આ નોંધપાત્ર કામગીરી કરી છે. આ મેદાનો ગ્રામ્ય સ્તરે ખેલાડીઓને પ્રેક્ટિસની સુવિધા આપવા ઉપરાંત



અગ્નિવીર અને પોલીસ ભરતીની તૈયારી કરતા યુવાનો માટે પણ આશીર્વાદરૂપ સાબિત થશે. ડિજિટલ યુગમાં બાળકોને મોબાઈલથી દૂર કરી મેદાન તરફ લાવવાનો આ રાજ્યનો પ્રથમ વિશિષ્ટ પ્રયાસ છે.

## વડોદરાના કોટના બીચ પર ઉનાળાની મજા માણવા ગયેલા બે મિત્રોના ડૂબી જવાથી મોત

વડોદરા,તા.૦૫

વડોદરા નજીક આવેલા પિકનિક સ્પોટ 'કોટના બીચ' પર આજે એક હૃદયદ્રાવક ઘટના બની છે. ઉનાળાની રજાઓની મજા માણવા નદીમાં નાહવા ઉતરેલા નવ મિત્રોના જૂથમાંથી બે યુવકો ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતાં તેમના કરૂણ મોત નીપજ્યા



છે. મૃતક યુવકોની ઓળખ જય સુબોધ જાબલે અને ક્રિષ્ના વિજય રાજપૂત તરીકે થઈ છે. નદીમાં નાહતી વખતે બે મિત્રો ડૂબવા લાગતા અન્ય સાત મિત્રોએ બૂમાબૂમ કરી હતી, પરંતુ સ્થાનિકો અને મદદ પહોંચે તે પહેલા જ બંને પાણીમાં લાપતા થયા હતા.

ઘટનાની જાણ થતાં નંદેસરી પોલીસ અને વડોદરા ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી ભારે જહેમત બાદ બંને મૃતદેહો બહાર કાઢ્યા હતા. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ગોત્રી હોસ્પિટલ ખસેડ્યા છે.

આ દુર્ઘટનામાં અન્ય સાત મિત્રોનો આબાદ બચાવ થયો છે, પરંતુ બે આશાસ્પદ યુવાનોના નિધનથી પરિવારોમાં ભારે શોક છવાઈ ગયો છે.

## દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર ગોધરા નજીક અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ સભ્યોના મોત

ગોધરા,તા.૦૫

પંચમહાલ જિલ્લામાંથી પસાર થતા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર ગોધરાના ભાટપુરા પાસે આજે એક અત્યંત હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. એક કાર અને અજાણ્યા વાહન વચ્ચે થયેલી ભીષણ ટક્કરમાં મહીસાગર જિલ્લાના એક જ પરિવારના ત્રણ સભ્યોએ જીવ



ગુમાવ્યા છે, જ્યારે ૧૪ વર્ષની કિશોરીનો આબાદ બચાવ થયો છે.

મળતી વિગતો અનુસાર, મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના મુડાવડેખ ગામનો પંડ્યા પરિવાર સુરતથી કાર દ્વારા પોતાના વતન પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન ગોધરાના ભાટપુરા પાસે તેમની કાર કોઈ અજાણ્યા વાહન સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો. આ અકસ્માતમાં ૪૩ વર્ષીય હેમંતકુમાર નટવરલાલ પંડ્યા, તેમના પત્ની કિંજલબેન પંડ્યા (૩૮ વર્ષ) અને ૧૭ વર્ષીય પુત્ર આયુષ પંડ્યાના ગંભીર ઈજાઓને કારણે ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. ઘટનાની જાણ થતાં જ વેજલપુર પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી ફરાર વાહન ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## રાજયના ડેમોમાં હજુ ૫૯.૭૫ ટકા જેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ

રાજકોટ,તા.૦૫

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં આ વર્ષે ચોમાસું અત્યંત મહેરબાન રહ્યું છે જેના કારણે રાજ્યના મુખ્ય જળાશયોમાં પાણીની સ્થિતિ ઘણી આશાસ્પદ જોવા મળી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ જળ સંપત્તિ વિભાગ દ્વારા કરવામાં આવેલા સુચારૂ વ્યવસ્થાપનને પરિણામે મે ૨૦૨૬ની સ્થિતિએ રાજ્યના ડેમોમાં કુલ ૫૯.૭૫ ટકા એટલે કે ૫.૩૨ લાખ એમ.સી.એફ.ટી. પાણીનો જથ્થો ઉપલબ્ધ છે જે ગત વર્ષ કરતા ૯.૦૪ ટકા વધુ છે. ખાસ કરીને ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં હાલ ૭૨.૩૩ ટકા પાણીનો જથ્થો સંગ્રહિત છે જે ગત વર્ષના ૬૦.૧૫ ટકાની સરખામણીએ ઘણો વધારે છે. વિભાગીય રીતે જોઈએ તો મધ્ય ગુજરાતમાં સૌથી વધુ ૫૯.૫૨ ટકા પાણી ઉપલબ્ધ છે જ્યારે દક્ષિણ અને ઉત્તર ગુજરાતમાં પણ સ્થિતિ સંતોષકારક છે. ગત વર્ષે મે માસમાં રાજ્યમાં કુલ ૫૦.૭૧ ટકા પાણી હતું જેની સામે આ વર્ષે થયેલો વધારો ઉનાળામાં પીવાના પાણી અને ખેતી માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

## ધોરાજીના સુપેડી ગામે ૧૮ વર્ષીય યુવાને ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

ધોરાજી,તા.૦૫

ધોરાજી તાલુકાના સુપેડી ગામે એક અત્યંત દુખદ ઘટના સામે આવી છે, જેમાં ૧૮ વર્ષીય યુવાન ખુશકુમાર અનિલભાઈ પટેલે પોતાના ઘરે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. ધોરાજી તાલુકા પોલીસ મથકના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતક યુવાનના મૃતદેહનો કબજો સંભાળી તેને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો છે. નાની વયના આશાસ્પદ પટેલ યુવાનના આકસ્મિક નિધનથી સમગ્ર સુપેડી ગામમાં શોકની લાગણી જન્મી છે અને ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. હાલમાં ધોરાજી પોલીસે મોતનું સાચું કારણ જાણવા માટે કાયદેસરની તપાસ તેજ કરી છે.

## રાજકોટમા PGVCLના જનરલ મેનેજર સાથે રૂ.૪૫.૬૦ લાખની સાયબર ઠગાઈથી ચકચાર

રાજકોટ,તા.૦૫

રાજકોટમાં સાયબર ક્રાઈમનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં PGVCLના જનરલ મેનેજર સાથે રૂ.૪૫.૬૦ લાખની છેતરપિંડી થઈ છે. ઠગબાજોએ PGVCLના એમડી (MD) ના નામે નકલી પ્રોફાઈલ બનાવી જનરલ મેનેજરનો સંપર્ક કર્યો હતો. 'હું મીટિંગમાં વ્યસ્ત છું' તેમ કહી, દબાણ ઊભું કરીને તાત્કાલિક RTGS મારફતે નાણાં ટ્રાન્સફર કરાવ્યા હતા.

આ મામલે રાજકોટ સાયબર સેલમાં ફરિયાદ નોંધાતા તપાસનો ધમધમાટ શરૂ થયો છે. સામાન્ય રીતે વૃદ્ધો અને મહિલાઓને સોફ્ટ ટાર્ગેટ બનાવતા ઠગબાજો હવે સરકારી અધિકારીઓને પણ નિશાન બનાવી રહ્યા છે.


**:: જાહેર નોટીસ ::**

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ દિપક વી. નાગ્રેચા, અમરેલીના આથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે,
અમારા અસીલશ્રી (૧) પ્રતિકભાઈ ધનસુખભાઈ ઠાકર તથા નં.(૨) ધનસુખભાઈ નાથાભાઈ ઠાકર રહે અમરેલીવાળાઓએ અમો પાસે મોજે અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં સુધરાઈ હદમાં આવેલ ચકકરગઢરોડ રસ્તે "આનંદનગર" ના બીનખેડવાણ જમીન રે.સ.ન.૫૨૭ પૈકી, પ્લોટ નં.૭૮ પૈકીની જમીનમાં આવેલ રહેણાંક મકાન તેનો પ્લોટ એરીયા ચો.મી-૯૩.૭૫ છે.સદરહુ મકાન મિલ્કતવાળી પ્લોટની જમીનના મુળ માલીક ગાયકવાડ રાજય વખતમા નજીરઅહેમદ હુસેનરહેમાન તથા તેમના ૬ વારસદારોના સયુક્ત માલીકી હકકે આવેલ તેઓ નં.૧ હબીબરહેમાન નજીરઅહેમદ કાદરી નં.૪ તે જાતે પોતે તથા ૧,૨,૩,૫ તથા ૬ના કુ.મુ. પાસેથી ધી ગ્રીન લેન્ડ ડેવ.કોર્પોરેશનના ભાગીદારો (૧) ઈલ્યાસભાઈ રજાકભાઈ ડબાવાલા તથા (૨) ઈમરાનભાઈ ઈકબાલભાઈ ગાંગુસીયાએ તા.૨/૩/૧૯૯૮ના રોજ રજી.વે.દ.ન.૪૪૫ વેચાણ રાખેલ ત્યાર બાદ સદરહુ જમીન કુલ એકર ૧૦-૩૬ ગુઠા બીનખેતીમાં ફેરવાયા બાદ ધી ગ્રીન લેન્ડ ડેવ.કોર્પોરેશનના ભાગીદારોએ નજીરઅહેમદ હુસેનરહેમાન વિ. સાથે વેચાણ રાખવા સાટુ કરી તા.૧૮/૦૧/૧૯૯૦ના રોજ અનુ.નં.૧૪૭થી નોંધાયેલ બાનાખતનો કરાર લખાવી લીધેલ હતો તે બાનાખતની રૂઈએ સદરહુ ખાતેદારોએ તા.૧૯/૦૧/૧૯૯૦, તા.૨૫/૦૧/૧૯૯૦, તથા તા.૩૧/૦૧/૧૯૯૦ ના રોજ કુલ ૬૫૭૩-૭૪ ચો.મી જમીનના વેચાણ દસ્તાવેજો કરી આપેલ હતા અને ત્યારબાદ બાકી રહેતી જમીનનો વેચાણ દસ્તાવેજ ન કરી આપતા તેમના સામે સ્પે.સીવીલ સ્યુટ નં.૩૨/૯૧, ૧૩/૯૫ દાખલ કરેલ તે બન્ને દાવાનો સયુક્ત ચુકાદો તા. ૩૦/૧૧/૯૫ના રોજ તેમની તરફેણમાં આવેલ તેની સામે અપીલ દાખલ કરવાનું મુળ ખાતેદારને મુનાસીબ ન લાગતા તેઓએ કોર્ટના હુકમનામાં મુજબ બાકી રહેતી જમીનનો રજી.વે.દ. તા.૦૨/૦૩/૧૯૯૮ના રોજ ધી ગ્રીન લેન્ડ ડેવ.કોર્પોરેશનને કરી આપેલ. ધી ગ્રીન લેન્ડ ડેવ.કોર્પોરેશનના ભાગીદારો પાસેથી સદરહુ પ્લોટ નં.૭૮ની જમીન વસંતભાઈ શામજીભાઈ ધાનાણીએ તા.૦૭/૦૪/૧૯૯૮ના રોજ રજી.વે.દ.ન.૮૫૪થી વેચાણ રાખેલ તેઓ પાસેથી ધનશ્યામભાઈ ડાયાભાઈ પટેલે તા.૧૬/૧૦/૧૯૯૯ના રોજ રજી.વે.દ.ન.૨૪૬૨ થી વેચાણ રાખેલ અને તેઓના કુલમુખત્યાર પરેશકુમાર દિનકરરાય દાવડા પાસેથી અશોકભાઈ પ્રાગજીભાઈ સાંગાણીએ તા.૨૧/૦૯/૨૦૦૬ના રોજ રજી.વે.દ.ન.૨૨૩૫થી વેચાણ રાખેલ અને તેઓ પાસેથી સયુક્ત રીતે નં.(૧) રસીલાબેન હરકિશનભાઈ દવે તે રમેશચંદ્ર દયાશંકર વ્યાસના ધર્મપત્નિ તથા નં.(૨) ભાવેશભાઈ રમેશચંદ્ર વ્યાસે તા.૨૩/૦૪/૨૦૦૭ના રોજ રજી.વે.દ.ન.૧૦૬૯થી વેચાણ રાખેલ અને તેઓ પાસેથી અમારા ઉપરોકત અસીલ સયુકતરીતે નોટરાઈઝ બાનાખત સીરીયલ નં.૧૧૫૯/૯૩, તા.૧૬/૦૪/૨૦૨૬ના રોજ કરી ખરીદ કરવા માંગે છે. તો તે મિલ્કતના ટાઈટલ કલીયર માટે માંગણી કરતા હોઈ તે રીતે સદરહુ મિલ્કતનો અગાઉના વેચાણ વ્યવહાર ઉપરોકત કુલમુખત્યાર દરજ્જે થયેલ છે.

તો ઉપરોક્ત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય, કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યક્તિનો લાગ ભાગ, હકક-હિસ્સો હોય અથવા આ મિલ્કત અગાઉ કુલમુખત્યારનામું આપનાર દવારા તેને અગાઉ રદ કરવામાં આવેલ હોય તો કુ.મુ. દવારા ઉપરોકત વેચાણ વ્યવહાર થયેલ હોઈને, આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં સદરહુ મિલ્કત અંગે કોઈને કઈ પણ હરકત, વાંધા તકરાર, હોય તો લેખીતમાં આધાર પુરાવા સાથે અમોના નીચે જણાવેલ સરનામે જણાવવું, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા(વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે ઉપરોત સમય વિત્યા બાદ તે અંગેની કઈ પણ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી તેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**તા.૦૫/૦૫/૨૦૨૬**
**અમરેલી.**
**૧૧૭, ફસ્ટ ફલોર, નારણ આર્કેડ,ભીડ ભંજન મહાદેવ મંદિર સામે,**
**લીલીયા રોડ, અમરેલી.**


**દિપક વી. નાગ્રેચા**
**એડવોકેટ અમરેલી**


## પોરબંદરમાં ૧૨ વર્ષના સગીરે ૪ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરતા ખળભળાટ

પોરબંદર,તા.૦૫

પોરબંદરમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં પાડોશમાં રહેતા ૧૨ વર્ષના કિશોરે ૪ વર્ષની માસૂમ બાળકીને રમાડવાના બહાને લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. બાળકીની તબિયત લથડતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો.

પીડિતાને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાઈ છે. પોલીસે




'જુવેનાઈલ જસ્ટિસ એક્ટ' હેઠળ ગુનો નોંધી સગીર આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાએ બાળમાનસ અને સામાજિક નૈતિકતા સામે ગંભીર પ્રશ્નો ખડા કર્યા છે.

## સુત્રાપાડા પાલિકાના ચીફ ઓફિસર પર હુમલાના પ્રયાસથી ખળભળાટ

કોડીનાર,તા.૦૫

સુત્રાપાડા નગરપાલિકામાં ગત ૪ મે ૨૦૨૬ના રોજ એક અત્યંત નિંદનીય અને ગંભીર ઘટના બની હતી. નગરપાલિકાના ચીફ ઓફિસર મૌલિકભાઈ વૈશ જ્યારે પોતાની કાયદેસરની ફરજ બજાવી રહ્યા હતા, ત્યારે બારડ સંજય નામના શખ્સે કચેરીમાં પ્રવેશ કરી રસ્તાના બમ્પ બાબતે વિવાદ ઉભો કર્યો હતો. આ શખ્સે ઉશ્કેરાઈ જઈને અધિકારી સાથે અભદ્ર વર્તન કર્યું એટલું જ નહીં પરંતુ તેમના પર શારીરિક હુમલો કરવાનો પ્રયાસ કરી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. સરકારી કામગીરીમાં અવરોધ ઊભો કરનાર આ શખ્સ વિરુદ્ધ સુત્રાપાડા પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ઘટનાના પડઘા સમગ્ર પંથકમાં પડ્યા છે અને કર્મચારીઓની સુરક્ષાને લઈને ગંભીર ચિંતાઓ જન્મી છે. આ હુમલાના વિરોધમાં

**હુમલાના વિરોધમાં કર્મચારીઓ માસ સીએલ પર ઉતર્યા**

બીજા જ દિવસે નગરપાલિકાના તમામ કર્મચારીઓએ એકજૂટ થઈને 'માસ સી.એલ.' જાહેર કરી કામગીરીનો બહિષ્કાર કર્યો હતો. વારંવાર બનતી આવી ઘટનાઓથી ભયભીત કર્મચારીઓએ તંત્ર પાસે આરોપી સામે કડકમાં કડક કાર્યવાહીની માંગ કરી છે.

01-2026

માતુશ્રી ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ
કૈલાશ નગર, આટકોટ - ૩૬૦૦૪૦ તા. જસદણ જી.રાજકોટ




# પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ

## મહિલા નિવાસી સંકુલ

પ્રાથમિક, માધ્યમિક તથા
ઉચ્ચતર માધ્યમિક શાળા અને કોલેજમાં
મર્યાદિત સંખ્યામાં હોસ્ટેલમાં
૨૦૨૬-૨૭ માં પ્રવેશ ચાલુ છે.

## માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય - આટકોટ

ધો.૧૨ સામાન્ય પ્રવાહ (ગુજરાતી માધ્યમ)

## શાળાનું પરિણામ ૧૦૦%

H.S.C. BOARD 2026 સામાન્ય પ્રવાહ Result



હસવાણી મહેક રસુલખા 98.80 PR
રોજાસરા પલ્લવીકા જેન્તીભાઈ 97.72 PR
ઝાંપડીયા માહીબેન મુકેશભાઈ 97.72 PR
બાબરીયા પ્રિયાંશી વિપુલભાઈ 96.52 PR



શિયાણી યશ્વી વિપુલભાઈ 95.06 PR
ચાવડા તનિષાબેન રામજીભાઈ 94.70 PR
જાદવ કિરણ જયસુખભાઈ 92.43 PR
તલાવડીયા જાગૃતિ પરસોતમભાઈ 90.77 PR
જાદવ પાયલ ભાવેશભાઈ 90.61 PR
પરમાર બીના સંતોષભાઈ 89.96 PR
ઝાપડીયા ઉપાસના જીવરાજભાઈ 89.80 PR

### ગુજરાત બોર્ડમાં સમગ્ર રાજ્યમાં ૧૦૦% પરિણામ મેળવી સતત આઠ વર્ષથી બોર્ડમાં પ્રથમ સ્થાન મેળવતી રાજ્યની એકમાત્ર સ્કૂલ

- ૧૨-સામાન્ય પ્રવાહ માર્ચ-૨૦૧૯ ૧૦૦% પરિણામ
- ૧૨-સામાન્ય પ્રવાહ માર્ચ-૨૦૨૦ ૧૦૦% પરિણામ
- ૧૨-સામાન્ય પ્રવાહ માર્ચ-૨૦૨૧ ૧૦૦% પરિણામ
- ૧૨-સામાન્ય પ્રવાહ માર્ચ-૨૦૨૨ ૧૦૦% પરિણામ
- ૧૨-સામાન્ય પ્રવાહ માર્ચ-૨૦૨૩ ૧૦૦% પરિણામ
- ૧૨-સામાન્ય પ્રવાહ માર્ચ-૨૦૨૪ ૧૦૦% પરિણામ
- ૧૨-સામાન્ય પ્રવાહ માર્ચ-૨૦૨૫ ૧૦૦% પરિણામ
- ૧૨-સામાન્ય પ્રવાહ માર્ચ-૨૦૨૬ ૧૦૦% પરિણામ

### શું આપની દિકરીને ગુણવત્તાયુકત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ સલામતી કવચ ધરાવતા મહિલા નિવાસી કેમ્પસની શોધમાં છો ?

- આપની દિકરી શહેરમાં ઘરથી દૂર કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે અપડાઉન કરે છે ?
- આપની દિકરી શહેરમાં હોસ્ટેલ/ રૂમ ભાડે રાખી દૂર કોલેજ જાય છે ?
- આપની દિકરી દૂર કોલેજમાં કો–એજયુકેશનમાં શિક્ષણ મેળવે છે ?
- ટી.વી.,ચેનલો, સ્માર્ટ મોબાઈલ ફોન/નેટ આપના સંતાનનો રોજ બે થી ત્રણ કલાકનો સમય વ્યય કરે છે ?
- માનસિક પ્રદૂષણ અને ટેન્શનનો ભોગ બનતી દિકરીને બચાવવા ઈચ્છો છો ?
- દિકરીને માત્ર મહિલા નિવાસી કેમ્પસમાં એકાગ્રતાથી અભ્યાસ કરાવવા ઈચ્છો છો ?
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ડીસ્ટીંકશન માર્કસ સાથે ગ્રેજયુએશન પાસ કરે અને જોબ મેળવવાના ચાન્સ વધી જાય / બેરોજગાર ન રહે.
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ગ્રેજયુએશન પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સહેલાઈથી ઉત્તિર્ણ થઈ મોભાદાર સરકારી નોકરી કલાસ–૧, કલાસ–૨ મેળવે ?
- દિકરીની સલામતીને ટોચની અગ્રતા આપવામાં આવતી હોય ?
- Quantity Education ના બદલે Quality Education આપવામાં આવતું હોય.
- ઉચ્ચ કક્ષાની શિસ્ત અને સંસ્કારોનું ઘડતર થતું હોય.

એનો જવાબ છે કે ગુજરાતનું ''સમસ્ત પટેલ સમાજનું'' ગૌરવવંતુ સર્વશ્રેષ્ઠ મહિલા નિવાસી કેમ્પસ એટલે

## 'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ - આટકોટ'

ટ્રસ્ટીશ્રીઓ...

શ્રી હરેશભાઈ ડી. પરવાડીયા - મેને. ટ્રસ્ટી

શ્રી અરજણભાઈ એલ.રામાણી - સહ મેને. ટ્રસ્ટી
શ્રી શિવલાલભાઈ એન.વેકરીયા - ટ્રસ્ટીશ્રી
શ્રી કેશુભાઈ એચ.ગોટી - ટ્રસ્ટીશ્રી
ડો.પંકજભાઈ એલ.કોટડીયા - ટ્રસ્ટીશ્રી
શ્રી રવજીભાઈ પી. પટેલ - મંત્રીશ્રી
શ્રી રાકેશભાઈ એન.ધોળકીયા - ટ્રસ્ટીશ્રી
શ્રી ગોવિંદભાઈ પી. ખૂંટ - ટ્રસ્ટીશ્રી
શ્રી મનસુખભાઈ રામાણી - ટ્રસ્ટીશ્રી
શ્રી દેવશીભાઈ એ. ખોખરીયા - ખજાનચી
શ્રી જેરામભાઈ બી. ખોખરીયા - ટ્રસ્ટીશ્રી
શ્રી આશિષભાઈ કે. રામાણી - ટ્રસ્ટીશ્રી
શ્રી વેલજીભાઈ જે. હિરપરા - ટ્રસ્ટીશ્રી

Mo. 94269 61132 / 96872 03855 / 99243 24163 / 94295 73531